Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૧૧ • તા. ૧૦ થી ૧૬ માર્ચ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14



## આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલાદિન નિમિત્તે સમસ્ત નારીશક્તિને વંદન...



નિર્દોષતા... જિજ્ઞાસા... પ્રજ્ઞા...




બુધ્ધિ પ્રતિભા... આત્મ વિશ્વાસ...



ઈચ્છાશક્તિ... મહત્વાકાંક્ષા... લક્ષ્ય...



કાર્યક્ષમતા... કૌશલ્ય... એકાગ્રતા...



પ્રેમ, મમતા અને વાત્સલ્યતા...



ત્યાગ... હિંમત... શૌર્ય...

તપ, ત્યાગ અને સહનશક્તિ આવા અનેક ગુણો સંપન્ન દૈવીરૂપ વિશ્વસંવર્ધનની ઉપાસનામાં પ્રેરક, પરોપકારી અને પુજનીય છે. એટલેજ કહ્યું છે यत्र नार्येषु पुज्यते रमन्ते तत्र देवता... She has every right to live... માટે દરેક કન્યા જીવનું માત્ર રક્ષણ જ નહીં સન્માનભેર ગૌરવ કરીએ.



પુ.આ.શ્રી ગુણસાગરસુરીશ્વરજી મ.સા.

### ॥ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

સમ્યગ જ્ઞાન-દર્શન-ચારિત્ર્યની રત્નત્રયીના ઉપાસક, તપ, ત્યાગ, સાધના-આરાધનાનાં મહાસાગર એવા પુ. ગુરૂદેવ રાષ્ટ્રસંત અચલ ગચ્છાધિપતિ આ.શ્રી. ગુણસાગરસુરીશ્વરજી મ.સા.ને તેમના કચ્છ-ગચ્છ અને શાસનના ઉત્કર્ષ માટે અણમોલ યોગદાન બદલ અનેકવિધ ઉપકારોનાં સ્મરણ સાથે સહૃદયે ઋણી છીએ તેમના ચરણે જન્મશતાબ્દિ વર્ષે સમસ્ત જ્ઞાતિની ભાવભરી કોટિશઃ વંદના... તેમની સ્મૃતિમાં આયોજીત સમુહ ૧૦૦૮ વરસીતપ અભિયાન-અનુષ્ઠાનને અંતઃકરણની અનુમોદના... ગચ્છ ગૌરવના ઉધ્ધાર-વિકાસ અને પ્રગતિ માટે આપના અમી આશિર્વાદ સદા મળતા રહે એવી અભ્યર્થના...

# હાર્દિક અભિનંદન









## અગ્રણી ઉદ્યોગપતિ બીરલા પરિવાર સાથે શ્રી હેમાંગ મોમાયા

ભારતના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી બી.કે. બીરલા તથા શ્રી સી.કે. બીરલા એવં નિર્મલાદેવી બીરલા આદિ પરિવારજનોનું શુભ પ્રસંગે કેટરીંગ કામ કરી એમના પરિવારજનો તથા આમંત્રીત મહેમાનોને વિવિધ વાનગીઓનો સ્વાદિષ્ટ રસથાળ પીરસીને સૌના મન-મસ્તક લોભાવીને એક વિશિષ્ટ પ્રસંગે બેનમુન ખાન-પાન સરભરા-વ્યવસ્થાનું વિરાટ કાર્ય સંભાળીને સૌની લોકચાહના મેળવી **"ગૌરવ"** અપાવ્યું. એ **ગૌરવ કેટરર્સ**ના **શ્રી હેમાંગ મણીકાંતભાઈ મોમાયા (વરાડીયા-હૈદરાબાદ)**ને હાર્દિક અભિનંદન... જીવનમાં હંમેશા ખુબ આગળને આગળ વધો તથા કાર્ય દીપાવી ખૂબ યશકીર્તિ પામો એવી શુભેચ્છા સહ...

### ❋ શુભાશિષ ❋

માતા-પિતા : **શ્રીમતી લતાબેન મણીકાંતભાઈ મોમાયા એવં સમસ્ત પરિવાર અને મિત્રગણ**

---

**સ્વ. શ્રી રતનશી કુંવરજી ભીમશી લોડાયા પરિવાર (સાંયરા) તથા શ્રી દિલીપ રાયચંદ નાગડા પરિવાર (નલિયા)નું**

### ગૌરવવંતુ રતન



અ.સૌ. ચાર્મી પરાગ દિલીપ નાગડા

અમારી ચિ. ચાર્મી B.Com. C.S. પાસ થયા બાદ LL.B.માં પણ ઉત્તીર્ણ થયા છે.
એ જ્વલંત કારકીર્દી માટે પરિવારના હાર્દિક અભિનંદન,
શુભાષીશ અને શુભેચ્છાઓ...

**-: અમી આશિર્વાદ :-**

| | |
|---|---|
| દાદી | : માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા |
| માતા-પિતા | : અ.સૌ. ભારતી મણીકાંત રતનશી લોડાયા |
| કાકી-કાકા | : અ.સૌ. જ્યોત્સના દિપક રતનશી લોડાયા |
| કાકા | : તરૂણકુમાર રતનશી કુંવરજી લોડાયા |
| સાસુ-સસરા | : સૌ. વિજ્યા દિલીપ રાયચંદ નાગડા (નલીયા-નવીમુંબઈ) |
| બેન-બનેવી | : અ.સૌ. વીના સમીત દિનેશ ખોના (જખૌ) |

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: સમિતિ સભ્યો :**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતીલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

# અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો "અનંતછાયા" વેચવાનો નિર્ણય એથી ય મોટા અનિષ્ટનો સંકેત કરે છે – ચંદ્રસેન મોમાયા (ઘાટકોપર)

અનંતનાથ ટ્રસ્ટના તા.૩૧-૩-૨૦૧૦ સુધી વહીવટ સંભાળનાર ટ્રસ્ટબોર્ડે જૂની બિલ્ડીંગના વિકાસનું કામ ઘણું માથાકૂટીયું છે તે ધ્યાનમાં લઈ જ્યારે અનંતછાયાના વિકાસકાર્ય માટેનો નિર્ણય કર્યો અને પોતાની રીતે કાર્યવાહી શરૂ કરી તે વખતે જ્ઞાતિએ વિચારેલુ કે જ્ઞાતિ પાસે પોતે જ ટ્રસ્ટની મિલકતો વિકસાવી શકે તેવા ટ્રસ્ટીઓ હોત તો કેવું સારૂં...

આ લાગણીને આધારે કેટલાક જ્ઞાતિ આગેવાનોએ જ્ઞાતિના કેટલાક બિલ્ડરો કે બિલ્ડીંગ વ્યવસાય સાથે સંકળાયેલાઓ સહિતની એક ટીમ તૈયારી કરી. જ્ઞાતિને સદ્ભાગ્યે આ પ્રકારના ભાગ્યશાળીઓ મળી પણ ગયા અને ચૂંટણીમાં તેમનો જ્વલંત વિજય પણ થયો.

જ્ઞાતિ પણ ઉજવણીમાં સહભાગી થઈ કે ચાલો જાતે વિકાસ કરવાથી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિને વધુ આવક થશે અને ટ્રસ્ટ ફરીથી નવી રહેઠાણ યોજના હાથ ધરી શકશે.

અલબત, થોડા સમય પહેલાં વર્તમાન અનંતનાથ ટ્રસ્ટબોર્ડ દ્વારા "અનંતછાયા"ના વેંચાણ માટે ટેન્ડર મંગાવતી જાહેરાત કોઈ વર્તમાનપત્ર આવી તે વખતે આવો આશાવાદ સાવ મોળો પડી ગયો!

અલબત્ત, જ્ઞાતિએ મન મનાવ્યું કે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી તેની મિલકતના રીડેવલ્પમેન્ટ માટે ભલે સક્ષમ હોય પણ આજના જમાનામાં કોની પાસે સામાજિક કામો માટે સમય છે? એટલે આ કડવી વાસ્તવિકતા સ્વીકારવી જ રહી.

હવે જ્ઞાતિ પત્રકારોએ માહિતી અધિકારની રુએ મેળવેલ ટ્રસ્ટબોર્ડના સંબંધિત ઠરાવ સહિત મંજૂરી માટે કરાયેલી અરજી આજે આપણી સામે જ છે! ભાડૂતો ઘણાં વખતથી ડેવલ્પર સાથે શું એમ.ઓ.યુ. (સમજૂતિ કરાર) થયો છે તે જાણવા દબાણ લાવી રહ્યા હતા તે પણ જ્ઞાતિ પત્રકારો માહિતી અધિકારની રુએ મેળવી ચૂક્યા છે.

આ બધા પર નજર ફેરવતાં આવું ચિત્ર ઉપસે છે.

અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ટ્રસ્ટની મિલકતોના જાળવવા અને વહીવટ માટે લેવી પડતી જહેમત માથાકૂટ જેવી લાગે છે.

ટ્રસ્ટનો હેતુ વધુને વધુ સાધર્મિકોને માટે જરૂરી રહેઠાણની વ્યવસ્થા કરવાનો છે, પણ આ ટ્રસ્ટીઓને જેટલા પ્રમાણમાં વ્યવસ્થા થઈ છે તે પણ "માથાકૂટ" જેવી લાગે છે.

બીજી વાત એ છે કે અનંતછાયાના વેચાણ સંબંધી ટ્રસ્ટબોર્ડનો થયેલ ઠરાવ કહે છે કે અનંતછાયામાંથી ટ્રસ્ટને વર્ષે કરોડ રૂા.૯,૬૫,૨૬૮ની આવક થાય છે અને તેની સામે રૂા.૭,૧૫,૫૯૮ નો ખર્ચ કરવો પડે છે. તે કારણસર આવકની દષ્ટિએ તે કંઈ વ્યાજબી / વ્યવહારુ નથી જણાંતું. તેને બદલે વેંચાણ કરવાથી ટ્રસ્ટબોર્ડને રૂા.૪૦ કરોડ જેટલી રકમ મળતી હોય અને તેની પર સામાન્યતઃ વર્ષે ૧૦% જેટલું વ્યાજ મેળવી શકાય તો ટ્રસ્ટબોર્ડ પોતાની ઘણી પ્રવૃતિ કરી શકે તેમજ તેના અનંતછાયાના ૧૦૪ ભાડૂતો અને જૂની / જર્જરીત થઈ રહેલી મિલકતોની જાળવણીની માથાકૂટ પણ નીકળી જાય.

આ જ વર્તમાન ટ્રસ્ટીઓએ ચૂંટણી વખતે જૂના ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીઓ પર પસ્તાવ પાડી હતી કે તે લોકો ભાડૂતોને પોતાના જ્ઞાતિના જ નહીં પણ એક "ટેન્શનરૂપ" માને છે. બીજા શબ્દોમાં કહીએ તો, ચુંટણી વખતના વચનો ઠાલાં પૂરવાર થયા છે.

હવે એક સવાલ એ છે કે, શું જ્ઞાતિ જેમને જ્ઞાતિ ઉધ્ધાર માટે ઉપરથી ઉતરી આવેલા ફિરસ્તા માનતી હતી તે ટ્રસ્ટી તરીકે ઉમેદવારી કરનારાઓને ચૂંટણી વખતે આ બધી જટીલ કડવી વાસ્તવિકતાનું જ્ઞાન નહીં હોય?

અલબત હવે આ સંબંધે રોદણાં રડવાનો કંઈ અર્થ નથી. કેમ કે ખરી વાસ્તવિકતા આથી ય વધુ કડવી છે. દર વર્ષે રૂ.કરોડ જેટલો ફાળો ભેગો કરી જ્ઞાતિના કલ્યાણકારી કામો કરવાની તથા પોતાની કાર્યમુદત પૂરી થાય તે પહેલાં રૂ.૧૦૦ કરોડથી વધુની મિલકત જમા કરી રાખવાનું લક્ષ્ય રાખવાની ભાવના સેવનારા મહાનુભાવોને હવે જમીની સત્યતાનું અંદાજ આવે છે!

થયું છે એ જ કે અહમના ટકરાવને ટાળવા જ્ઞાતિ દાનવીરોનું સારૂં સમર્થન ધરાવતા બે ખમતીધર (અગ્રણી) ટ્રસ્ટીઓએ રાજીનામા આપ્યા તે વખતે બાકીના ટ્રસ્ટીઓએ તેમને સમજાવવાની કે મનાવવાની કોશિશ ન કરી એવું નિકટવર્તી વર્તુળો કહે છે. થોડા સમય પછી રાજીનામું આપનારા ટ્રસ્ટીઓના માત્ર લાગતા વળગતાજ નહીં. અન્ય જ્ઞાતિ દાનવીરોએ પણ પોતે નોંધાવેલ દાન સંબંધી કેટલાક વિગતો પુછી પ્રશ્નો કરી રહ્યા છે.

પૈસા અને પ્રતિષ્ઠાના બળે જાહેર જીવનમાં આવેલાઓ માટે કોઈ આવી રીતે પૂછાણું લે તે વાત જ વસ્વી લાગે છે. એટલે હાલમાં થોડા અપવાદ સિવાય ફાળાના વચન સ્થગિત રહ્યા હોય એમ લાગે છે.

આ વાતની વિસ્તારથી ત્રિરાશી માંડીએ તો વર્તમાન મહારથીઓ આવતા સમયમાં પોતાના વચનોના પાલનની દૃષ્ટિએ કેટલા કટિબધ્ધ રહેશે તે આવનારા સમય જ કહેશે.

હવે આ ટ્રસ્ટીઓ અનંતછાયાના વેચાણમાંથી આવેલી રકમ વ્યાજે મૂકી પોતાના અપાયેલા વચનપૂર્તિ કરવા પ્રયત્નશીલ રહેશે.

પણ કરોડ રૂપિયાનો સવાલ એ છે કે અનંતછાયા જેવી મિલકતમાંની નક્કર આવક ભલે ઓછી હોય પણ તેના હાલના ભાવવધારાથી મળનારી આવક કે તેમાં જ્ઞાતિજનો રહીને જે લાભ/સુખાકારી મેળવી રહ્યા છે તેની કિંમત જે હોય તેની સામે પ્રાઈમ પ્રોપર્ટી વેંચી તે રકમ વ્યાજે મૂકી ટ્રસ્ટીઓએ વિચારેલ યોજના કાંઈ વિસાતમાં ખરી?

હજુ પણ કાંઈ ખોટું કે મોડું થયું નથી, કેમકે આ તથાકથિત વેંચાણને ના. ચેરીટી કમિશ્નરની મંજૂરી મળી નથી, તેથી ટ્રસ્ટીઓ સમગ્ર જ્ઞાતિનો વિચાર જાણીને યથાયોગ્ય કરી શકે છે.

પણ માનો કે ટ્રસ્ટીઓ પોતાના અનંતછાયા વેચવાના નિર્ણય પર મક્કમ રહે તો? ક.દ.ઓ. જેવી શાણી નાતમાં વિશાળ જ્ઞાતિહિતની દૃષ્ટિએ લાલબત્તી ધરવા શું કોઈ આગળ નહીં આવે?

સમસ્ત જ્ઞાતિ સમગ્ર પરિસ્થિતિ પર વિચાર કરી યોગ્ય નિર્ણય લે અને વ્યવહારુ ઉકેલ લાવે.


## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ

**સર્વે બાયઠવાસી જ્ઞાતિજનો અને નિયાણી બહેનોને પર્વ પર્યુષણ નિમિતે**

**બાયઠ પધારવા જાહેર નિમંત્રણ**

**આગામી પર્વ પર્યુષણ તા.૧૪-૮-૧૨ થી પ્રારંભ થાય છે.**

આ મહાપર્વની ઉજવણી માદરે વતન કચ્છ બાયઠમાં તપ-જપ વ્રતની આરાધના કરવા સૌને સહપરિવાર પધારવા વિનંતી છે. સુવિધા ખાતર બાયઠ પધારનારાઓએ રૂ.૫૦૦ રિફંડેબલ ડિપોઝીટ આપી મોડામાં મોડા **તા.૫-૪-૧૨** સુધી નામ નોંધાવી દેવા અપીલ છે. સ્થાનિકે રહેવા કરવા તથા સાધર્મિકભક્તીની વ્યવસ્થા મહાજનશ્રી તરફથી કરવામાં આવેલ છે. વહેલો તે પહેલોનાં ધોરણે કચ્છ પ્રવાસમાટે નામો નોંધાશે.

**★ પ્રસ્થાન : તા.૧૨-૮-૧૨નાં બાંદ્રા ટર્મીનસથી ટ્રેન દ્વારા**

**★ પરત મુંબઈ આગમન તા.૨૩-૮-૧૨ના ભુજથી ટ્રેન દ્વારા**

**-: સંપર્ક :-**

**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા - 09930008339 / 07567207479**

**શ્રી નવીન નારાણજી ધુલ્લા - 09892273113**

**શ્રી મહેન્દ્ર રતીલાલ નાગડા - 09920382907**

**સંપર્ક :** ૧૧૪/એ-૨ કૈલાસ કોમ્પ્લેક્સ, એલ.બી.એસ. માર્ગ, ડ્રીમ્સ મોલ સામે, ભાંડુપ (વે), મુંબઈ-૭૮.



**-: નિમંત્રક :-**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - બાયઠ વતી**

**શ્રી ઠાકરશી મેઘજી ગોસર (પ્રમુખ)**



## કચ્છડો કામણગારો

વર્ષોથી ઘણાં વિશિષ્ટ અને વિદ્વાન લોકો કચ્છની મુલાકાત લેતા રહ્યા છે અને કચ્છડો તેમને કામણગારો લાગ્યો છે. અસમિયા ભાષાનાં સુપ્રસિદ્ધ લેખિકા શ્રીમતી **ડો. ઈન્દિરા ગોસ્વામી** જેમને જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયો છે અને માત્ર ૨૫ વર્ષની ઉમર માંજ રામાયણ જેવા ગહન વિષય પર સંશોધન કરી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેઓ કચ્છમાં થોડો વખત રહ્યા હતા. ગુજરાતનાં સાક્ષર શ્રી કનૈયાલાલ ભટે તેમની મુલાકાત ૭-૧૧-૧૦નાં તેમનાં નિવાસસ્થાને લીધેલ તેમાંનાં કેટલાક અંશ અહીં રજૂ છે (સૌજન્ય "શબ્દસૃષ્ટિ" ફેબ્રુઆરી-૧૨)

### ડો. ઈંદિરા ગોસ્વામી સાથે મુલાકાત

ઈન્દિરા ગોસ્વામી : એ સમયે તો હું ખુબ જ નાની હતી. મારા નવાં-નવાં લગ્ન થયેલાં. હું મારા પતિ સાથે કચ્છના કુંવરબેટ રહી હતી. તે મને ખૂબ સારું લાગ્યું હતું. તે મરુભૂમિ હતી. ત્યાં એક બ્રિજ બની રહ્યો હતો. એક વાત મને હજીયે યાદ છે. એ વખતે અમને દૂધ આપવા દૂધવાળો આવતો હતો. મેં એને એક વખત પૂછ્યું કે, "દૂધ આટલું ચોખ્ખું આપો છો તેમાં પાણી નથી મિલાવતા?" તો દૂધવાળાને આશ્ચર્ય થયું. પાણી? શેમાં મિલાવવાની વાત કરો છો? ત્યારે સમજાયું કે આ ગ્રામવિસ્તારના દૂધવાળાને દૂધ પાણી મિલાવવાની પણ ખબર નથી. મેં એવું ચોખ્ખું દૂધ જીવનમાં ક્યારેય નહોતું જોયું. એ સમયે આઠ આના (પચાસ પૈસા)નું એક લિટર દૂધ આવતું હતું. મને ભૂજનું લખપતિરાજનું મંદિર પણ ખૂબ ગમેલું. મારા પતિને પણ આ ધરતી ખૂબ જ પસંદ હતી.

ડો. ઈન્દિરા ગોસ્વામી કચ્છની ધરતીની સંસ્કૃતિ અનુભવી ગયા - હવે તમે કારા ડુંગર ઉપરથી કચ્છના રમનું અસીમ સૌંદર્ય, નારાયણસરોવર, કોટેશ્વર પાસેથી દરિયાની ખાડીનું અનોખું દશ્ય કે ધોળાવીરામાં છુપાયેલો ખજાનો જોવા ક્યારે આવો છો?

***હિમાલય વટ પુગો નિરંજન ધીણોધર,***
***સંભરન મુંજી માતૃભૂમિ કે નમન.***


(કવિ નિરંજન ભગતની કવિતામાંથી)

***સંકલન - સોમ ધરમશી (કચ્છ)***

## કાવ્ય-પ્રકાશ

૨૬ જાન્યુઆરી અચે, કચ્છજે ભૂકંપજી યાદ અચે,
કચ્છમેં તારાજી થઈ, કેતરેંકજી જાન હલઈ વઈ.
મકાન, બંગલા છણી પ્યા, મંધર, મસ્જીદ પણ તેમેં અચી વ્યા
રાત પાછડ ડીં અચે, ઇ કહેવત પણ સચ્ચી લગે.
ગુજરાતમેં પરિવર્તન જો પવન આયો,
નરેન્દ્ર મોદી જેડો મોડ્સ માડુ સત્તા મથે આયો.
મોદીજી કે આયો વિચાર, કમ ધંધે વગર પ્રજાજો નાય ઉધ્ધાર,
વડે વડે ઉધ્યોગપતિએંકે બોલાયાં, પંઢજો આયોજન વતાયાં.
ગુજરાતમેં અચેલા લાલજાજમ વછાયા.
નરમદા તે સરદાર સરોવર ભનાયા, તેંજા પાણી કચ્છમેં ઠલાયાં.
નરમદા જા નીર કચ્છ મેં આયા,
તેં ભેગા ઉધ્યોગ ધંધા પણ તાણી આયા!
દરિયાકાંઠે પવનચક્કીયું ઊભી કરાયાં,
ગામડે ગામડે કે રોશની સેં ઝગમગાયાં.
ડોકારે કે કચ્છમેંજા ભજાયલા તૈયારી કરાયાં.
નલીયા વટે સાંઘી સિમેન્ટ આવઈ,
કચ્છ મેં ઉધ્યોગ ધંધેજી ક્રાંતિ આવઈ
મુંદ્રા કે મુંભઈ જેડો ભંધર ભનાયા.
વિદેશોજી સ્ટીમ્મરે જી અચવન વધાર્યા.
જામનગર ખાવડીમેં રિલાયન્સ આયો,
જેણેં જેણેં જે હથમેં મોબાઈલ આયો.
ટાટા કેં વિચાર, આઉ પણ કોલા લગાઈયા વાર?
"નેનો" ખણી ઘોડધો આયો,
ગુજરાત મેં મોટર ભનાયજો કારખાનું આયો.
એડા ત કેતરાક નંઢા વડા ધંધા અચી વ્યા,
કેતરાક અચેલા લાઈનમેં ઊભા રહ્યા.
અમિતાભજી જેડો મહાન કલાકાર આયો
"કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા" જો ડાયલોગ સુણાંયો.
હિંદુસ્તાનમેં કચ્છ મુલકજી ખબર પઈ,
અમિતાભજી કે પણ કચ્છજી કધર થઈ.
**તિલક** ચેતો, ચેતતો નર સદા સુખી,
મુંભઈ જી મોહમાયા મિઠ્ઠી,
કચ્છમેં બાજરજી માની પણ લગે મીઠી.

***- તિલક કુંવરજી લાલકા (ડોંબીવલી)***

**વંદન... અભિનંદન અને અમિષ્ટ શુભેચ્છા ચિંતન**

આદરણીય **શ્રી ચીમનભાઈ મોતા**ને તેમના પ્રતિષ્ઠિત લોકપ્રિય સાહસ **"તન-મન-ટુર્સ"**ના રજત જયંતિ નિમિત્તે "તન-મન"થી હાર્દિક વધામણાં અને તેમની પ્રેરક નમ્રતા-સાદગી, સૌને સાથે લઈ ચાલવાની ભાવના, નીતિમય વાણી-વર્તન અને વ્યવહાર તથા સામાજીક સેવા માટે સતત સદ્ભાવના રાખી શૂન્યમાંથી સર્જેલ પ્રગતિ, અપ્રતિમ લોકચાહના અને સ્નેહભર્યા સંબંધોનું સવંર્ધન કરી રચેલા બહોળા મિત્રવર્તુળની ગર્વીલી મિરાત માટે હાર્દિક અભિનંદન... શત શત સલામ અને આપશ્રીએ સાધેલ સર્વાંગીણ પ્રગતિ સતત દ્વિગુણીત બનતી રહે એવી શુભેચ્છા..

આપનો એક સહૃદયી મિત્ર,
હિતેચ્છુઓ, સંબંધીઓ અને બહોળો મિત્રગણ.

## ફરો અને ફીટ રહો

*- ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુલુન્ડ)*

"ફરો અને ફીટ રહો" એટલે એક તો **રોજ ફરવાનું** એટલે કે **ચાલવાનું** અને બીજું **બહારગામ ફરવા જવાનું.** બેઠાડુ જીવનને લીધે ઘણી શારીરિક, માનસિક તકલીફો થાય છે. જો આપણે બેઠાડુ જીવન ત્યજી રોજ ફરવા જઈએ અને વર્ષમાં એકાદવાર ૨-૪ કે વધુ દિવસ માટે બહારગામ ફરવા જઈએ તો શરીર માનસિક શારીરિક રીતે ફીટ રહેશે અને બિમારીએ લાગુ નહીં પડે.

દિવસમાં ઓછામાં ઓછું પોણો કલાક ચાલવું જોઈએ, બની શકે તો વહેલી સવારે અથવા દિવસમાં ગમે ત્યારે, એક સાથે ન ફાવે તો સવાર, સાંજ ચાલો. ઘરની અંદર, બિલ્ડીંગના આંગણામાં, બગીચામાં, મેદાનમાં ચાલો. લીફ્ટનો ઉપયોગ ન કરતાં દાદર ચડ-ઉતર કરો કે ગાડી, સ્કૂટર કામકાજની જગ્યાથી થોડે દૂર પાર્ક કરીને પણ રોજ રૂટીનમાં શરીરને વ્યાયામ આપી શકો. કહેવાનું એટલું કે **બેઠાડુ જીવન ટાળો, ચાલો અને ફીટ રહો.**

ચાલવાની કસરત અતિ ઉત્તમ છે, સરળ છે, દરેક વ્યક્તિ આરામથી, સહજતાથી કરી શકે છે. એરોબિક કસરત કે ખુલ્લામાં ચાલવાથી શરીરને વધુ ઓકિસજન મળે છે. એરોબિકનો અર્થ ઓક્સિજનની સાથે ચાલવાથી શરીર બહુજ ઓછી મહેનતે વધુ પ્રાણવાયુ ગ્રહણ કરે છે, સાંધા, સ્નાયુઓ મજબૂત થાય છે, પાચન થાય છે, ભૂખ લાગે છે, ઉંઘ સારી આવે છે. ઘરમાં ટ્રેડમિલ પર ચાલવાથી ખુલ્લી હવાના ફાયદા નથી મળતા. ખુલ્લામાં ફરવાથી, ખાસ કરી ગાર્ડન કે વૃક્ષો જ્યાં વધુ હોય ત્યાં દિવસમાં ફરવાથી ફેફસાંની અને હૃદયની કાર્યક્ષમતા વધે છે. વહેલી સવારે ખુલ્લામાં ફરવાથી સૂર્યના કિરણો શરીરપર પડે તો વિટામીન **ડી** મળે જે કેલ્શીયમને એકત્રિત કરી હાડકાને મજબૂત કરે.

વહેલી સવારનું એક અદ્‌ભૂત રૂપ હોય છે. સ્વચ્છ અને શુધ્ધ હવા, વાતાવરણમાં તાજગી હોય એથી સવારે ફરવા જવાથી સારા વિચાર આવે, સારી ભાવના જન્મે એથી શરીરમાં સારા કેમીકલ ઝરે અને શરીરને ફાયદો થાય. સારા વિચાર અમલમાં મૂકીએ એથી ફાયદો થાય. અતિ ઠંડી કે વરસાદ સિવાય ફરવાનો ક્રમ ચાલુ રાખીએ. સ્વેટર, શાલ, મોજા, સ્પોર્ટસ, શુઝ, વરસાદની ચીજો સીઝન પ્રમાણે શરમ છોડી વાપરીએ અને ફરવાનો ક્રમ ચાલુ રાખીએ.

સ્વાસ્થ્ય સંબંધી કોઈ તકલીફ હોય ઓવર વેઈટ (મેદસ્વી) હો., હૃદયરોગ કે શ્વાસની કોઈ તકલીફ હોય તો ડોક્ટરની સલાહ લઈ ચાલવાનું રાખો. તાણ ઘટાડ્વા ફાયદો મેળવવા ચાલવાનું. ૩૦ વર્ષ પછી સ્નાયુની ક્ષમતા ૩ થી ૫% ઘટવા લાગે, ૬૦ વર્ષ સુધીમાં ૩૦% ઘટે. ચાલવાથી આ ગુમાયેલી સ્નાયુની શક્તિ પાછી મેળવી શકાય.

બેઠાડુ જીવન ત્યજીએ તો આરોગ્ય માટે સારું તેજ રીતે વર્ષમાં એકાદ વખત બહારગામ ફરવા જઈએ તો શરીર સાથે મનને પણ સારૂં લાગે. એક જ જગ્યાએ, એક રૂટીનથી આપણું મન કંટાળે છે, ડીપ્રેશન આવી શકે છે, આરોગ્યપર અસર થાય. એક બહારગામ ફરવા જવાનું, બીજું યાત્રા પ્રવાસ અને ત્રીજું પહાડીઓપર હાઈક, ટ્રેકિંગપર જવાનં પોતાની ઉંમર, તબીયત અને શોખ પ્રમાણે ફરવા જવાનું.

લગ્ન પ્રસંગ, પૂજા, વાસ્તુ કે કોઈપણ પ્રસંગનું આમંત્રણ હોય તો પ્રસંગ માટે કે એમ જ ફરવા નીકળી પડીએ, સગાવહાલા મળશે, આનંદનું વાતાવરણ હશે, નવું જાણવાનું મળશે અને ટેન્શન નહીં હોય તેથી મન પ્રફુલ્લિત થશે અને આરોગ્ય પર સારી અસર થશે. બહારગામ ફરવા જવામાં પણ ભીડભાડ અને સિમેન્ટ કોંક્રીટના જંગલો જેવા શહેરોને બદલે જ્યાં વધુમાં વધુ કુદરત હોય એવી જગ્યાએ જવું. દરિયા કિનારે, ઝરણાં, ધોધ, રંગબેરંગી ફુલો, પતંગિયા, નદી કે બરફના પહાડો હોય એવા સ્થળે જવું જેથી વધુ ઓક્સિજનવાળી શુધ્ધિ હા મળે, મન આનંદથી પ્રફુલ્લિત થાય અને શરીરમાં સારા કેમિકલ્સ ઉત્પન્ન થાય અને આરોગ્યને ફાયદો થાય.

થાણાનું મહાબળેશ્વર ગણાતું જવાહર, માથેરાન, એશિયાના બીજા નંબરનો લાંબો પહાડી સપાટ મેદાન, પંચગીનીનો ટેબલલેંડ, આકોલા નજીકનં ચિખલદરા, દોંડાઇચા નજીક આવેલ તોરણમાળ, સાવંતવાડી નજીક અંબોલી ઘાટ, સેલવાસ-ખાનવેલના બગીચા, ભૂસી ડેમ, લોનાવલા અને તેની નજીક ૨૨૦૦ ફૂટપર આવેલ કામસેત, સંત જ્ઞાનેશ્વર બાગ-પૈઠણનું, પંચમઢી સાપુતારા, આબુ, જબલપુર નજીકના માર્બલ રોક્સ, લીલી ચાદર ઓઢેલ અને બેક વોટર્સ ધરાવતું કેરાલા, હિમાલયની ગોદમાં વસેલ દરેક ગામ કે શહેર નૈસર્ગિક સૌંદર્યથી હર્યાભર્યા છે.

વસઈ નજીક તુંગારેશ્વર અને ચિંચોટી ધોધ, બદલાપુરનું કોંડેશ્વર ધોધ, ખપોલીનો જેનીથ ફોલ, મુરબાડ નજીક માળસેજ ઘાટના વરસાદી ધોધ માણવા જેવા. આસનગાંવ નજીક માહુલી ગામનું કુદરતી સૌંદર્ય અને ઝરણાંઓમાં સ્નાન કરવાની અલગ જ મજા. ૨૪૦૦ ફુટ ઉંચાઈપર આવેલ વિલ્સન ડેમ અને ભંડારધરા, રંધા ફોલ રમણિય છે. કરજત નજીકના ભીવપુરી ગામ પાસે આવેલ જળધોધમાં મન ભરી ધૂબાકા મારી શકાય. ઉનાળાની ગરમી અને

પ્રદુષણથી કંટાળેલા મંબઈગરા મુંબઈ-ગોવારોડપર કોલાડ નજીક સુતારવાડીનાં ધોધ અને ઝરણાંની ટાઢક માણી શકે. જોગ ફોલ જે દુનિયાના ૧૦ મોટામાં મોટા ધોધમાંનો એક ગણાય છે પણ પર્યાવરણને માનવીએ પહોંચાડેલ નુકશાનને લીધે પહેલા જેવો પાણીનો જથ્થો નથી રહ્યો. બેલગામ નજીક ગર્જતા ગોકાક ફોલમાંથી ઉડતા પાણીના ફોરા દૂર દૂર સુધી પડવાથી ક્યારેક મેઘધનુષ જોઈ શકો. તામિલનાડુનો કોટાલમનો સુંદર ધોધ અને કુદરતી વાતાવરણ, જબલપુરના ભેડાઘાટનો મશહુર ધોધ, ચિત્રકુટ પાસેનો સુંદર ધોધ, દહેરાદુન નજીક સહસ્ત્રધારા ધોધ, મસુરીનો મનોહારી કેમ્પ્ટી ફોલ, સિલીંગ પાસેના "માર્ગરેટ" અને "હાથી" નાગના ધોધ પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો કરે છે.

ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લાના હિલસ્ટેશન ચોકોરી (ચાકેડી) આંખ ઠારે એવું સ્થાન નજીક પાતાલભુવનેશ્વરીની ગુફામાં પાણીના લીધે અદ્દભૂત આકારની સ્વયંભૂ કલાકૃતિઓ સર્જાઇ છે. સ્ફટીકોથી રચાતો અદ્દભૂત દશ્ય-સમથીંગ ડિફરન્ટ, સમથિંગ ડિલાઇટફુલી ડિવાઈન-કચ્છના સફેદ રણમાં અલગ જ આભા નિરખવા મળે. ઈલોરા, અજંતા, દેલવાડાના દેરાસર, હિમાચલ પ્રદેશના ડેલહાઉસી નજીકનું ખજિયાર, કન્યાકુમારીનો સૂર્યોદય, લેહ-લડાખ, બરફથી છવાયેલ હિમાલયના રમણીય પહાડો એક વખત જરૂર જોવા જેવા. ઊટી અને દાર્જિલિંગની ટોય ટ્રેનનો પ્રવાસ એક વખત કરવા જેવો. સમુદ્ર પ્રવાસ જીંદગીભરનું સંભારણું બની રહે. યાદ કરીએ તો મન પ્રફુલિત થઈ જાય, તબીયત સુધરી જાય, જાણે ખરેખર ત્યાં પહોચી ગયા હોઈએ એવું લાગે.

બહારગામ ફરવા જવાનું એટલે આપણે વિચારીએ કે ખર્ચાળ બાબત પણ થિયેટરમાં ફિલ્મ જોવી, હોટલમાં જમવું કે હોટલમાંથી મંગાવવું એવા અનેક ખર્ચમાંથી થોડી બચત કરી બહારગામની સહેલ કરી શકાય. સાદી, સગવડવાળી હોટલ કે જૈન ધર્મશાળા રહેવા વધુ યોગ્ય છે. સ્વચ્છ ધર્મશાળા સામાન્ય માણસને બહારગામ ફરવા માટે આર્શિવાદરૂપ છે. ક્યારેક રાતના મોડા પહોંચીએ તોયે રહેવાની, જમવાની, વગર મોઢું બગાડયે સગવડ કરી આપે એવા આપણને સૌને સુખદ અનુભવ છે. ભીડભાડવાળા શહેરો કરતાં ગામડા કુદરતી સૌંદર્યથી ભરપૂર હોય છે અને ઓછા ખર્ચાળ હોય છે.


દરિયા કિનારે સૂર્યાસ્ત જોવાની અલગ જ મજા છે. આકાશમાં વાદળ અને સૂર્યના કિરણોનો રોજ અલગ નજારો જોવા મળે. ચાલવાની તકલીફ હોય તો પણ દરિયે બેસી કુદરતનો આનંદ માણી શકાય બોરડી, તીથલ, અલિબાગ, ગણપતિપૂલે, માંડવી, મરીના બીચ, કોવલમ બીચ અને ગોવાનો જગમશહુર કાલનગુટ બીચ દરેક બીચની અલગ ખાસિયત, અલગ નજારો છે.

થાણાંના સંજય ગાંધી, નેશનલ પાર્કમાં યેઉર ગેટ કે માનપાડા ગેટથી પાર્કમાં ફરી પતંગિય, પક્ષી, જંતુઓ અને જુદા જુદા વૃક્ષો જોઈ શકાય, શહેરની થકાવટ દૂર કરી શકાય. થાણાના ઘોડબંદર રોડપર ઓવેલા ગામના ઓવલે કરવાડીમાં માર્ચથી મેની વચ્ચે ૧૦૦૦ વેરાઈટીના પતંગિયા જોવા મળે. ચંડીગઢના રોઝ ગાર્ડનમાં તમે થાકી જાવ એટલા અલગ અલગ જાતના ગુલાબ જોવા મળે. (ગરમીના દિવસો છોડીને) મુંબઈ માલસેજ રસ્તાપર કલ્યાણ નજીક મુરબાડમાં વિસોવા રીસોર્ટમાં ૧૪૦૦ થી વધુ ગુલાબની જાતો જોઈ દિલ ગુલાબી થઈ જાય, ઊઠીનું બોટેનીકલ ગાર્ડન વિશ્વભરની વનરાજીનું સંગ્રહસ્થાન છે.

પહાડો યુવાનોને આરોહણ માટે આકર્ષે છે. કોઈ ટ્રેઇન્ડ લીડર સાથે જ પહાડોપર આરોહણ કરવું એક દિવસના પહાડોના આરોહણને હાઈક અને ૨-૩ દિવસના આરોહણને ટ્રેકિંગ કહે છે. મહાડ પાસે શિવથરનો ધોધ, લોનાવાલા નજીક મળવલીના લોહગઢ, ભાજાધોધ, ગુફાઓ અને વિસાપુર ફોર્ટ, ખંડાલાનું ડ્યુક્સ નોઝ, કર્જત, નજીક રાજમાથી, નેરળ નજીક પેબફોર્ટ, કલ્યાણ નજીક મલંગગઢ, કરનાલા ફોર્ટ, માથેરાન, રાયગઢ વગેરે સ્થાને યુવાનોએ પહાડોના અલગ અનુભવ કરવા નીકળી પડવું જોઈએ અને જીંદગીભરનું સંભારણું બાંધી લેવું જોઈએ.

ચૈત્ય પરિપાટી અને જાત્રાનું જૈનોમાં ખૂબ મહત્વ છે પર્યુષણ પછી ચૈત્યપરિપાટી લગભગ દરેક સ્થળે યોજવામાં આવે છે. દહાણું નજીક કોસબાડમાં શ્રી મલ્લિનાથ તીર્થ, દોંડાઇચા નજીક ચૈત્યવન બલસાણા તીર્થ, મહારાષ્ટ્રમાં કુંભોજગીરીનું જહાજમંદિર, ગાર્ડન રાતના લાઈટની સજાવટ અને નજીકમાં દિગંબર મંદિર જોવા જેવા હજારો વર્ષ જૂના ભદ્રેસર તીર્થનાં દેરાસરના પગથિયા ચડવાનું શરૂ કરતાં જ ભગવાનના દર્શન થતાં આપણે ધન્ય થઈ જઈએ. ૭૨ જિનાલયના સોનેરી રૂપેરી રંગો જાણે જોતાં જ રહીએ. કલકતાના પાર્શ્વનાથ મંદિર (દાદાનો બગીચો) માં કાચની કારીગરી, તળાવ, પૂતળા જોઈ સ્વર્ગનું દેરાસર કહેવાનું મન થાય. બિહારના ક્ષત્રિયકુંડ તીર્થ (લચ્છવાડ)નો પહાડી પ્રદેશ સૃષ્ટિસૌંદર્યથી ભરપૂર, ગુજરાત, રાજસ્થાન, બિહાર, મધ્યપ્રદેશ વગેરે રાજ્યોના દરેક તીર્થમાં વિશિષ્ટ મંદિરો છે.

ભગવાને આપણી સૌની આસપાસ એટલું કુદરતી સૌંદર્ય વેર્યું છે કે આપણી જીંદગી ખૂટી જશે પણ ફરવાના કુદરતી સ્થાનો નહીં ખૂટે... તાણરહિત થવા અને મન-મગજને આનંદ, ઉત્સાહથી ભરી દેવા રોજ ફરીએ એટલે કે ચાલીએ અને વર્ષમાં એકાદવાર, બહારગામ કુદરતી જગાઓમાં ફરવા જઈએ અને ફીટ રહીએ જેથી બીમારી આપણાથી દૂર રહે.




## THE OLD DAYS

I was hitching a ride on Highway 101 living frugally as a student in California in 1955. I had to endure a long wait with my fist clenched and a thumb stuck out to indicate the request for a lift. Fords, Chevrolets, Buicks and Chryslers whizzed past with an occasional gas-guzzling Cadillac and Lincoln Continental. Each car sent a blast of wind in its wake. This was sunny southern California with hardly four inches of rainfall every year, and the vehicles' whoosh sounds were getting to me with no one stopping to pick me up. A 1949 Chevy did stop, finally, with a white haired gent who stuck his head out and asked, “Where to, fella?” and “Hop in at the back”. As we drove on, the old couple in the front seat continued with what was an ongoing tiff between them. Through his dentures, the old guy sputtered and fumed about how, at the last stop at a restaurant 45 minutes ago, his wife had forgotten her glasses on the restaurant table. They had to drive back to fetch them.

He went on and on about her forgetfulness and negligence. “You ought to shape up, Betty, that's what you need to do. Shape up.” And “How can you forget your own eyes back there at the dining table, eh?” And “When will you ever learn, Betty, eh, when?” She did not answer even once. “Isn't it a waste of time driving 45 minutes and driving back?” And “We're spending on gas, too, you know.” The gracious grey-haired lady maintained a dignified slience. They had had a lifetime together and she knew his ways, even though a total stranger like me was getting agitated about how he was going on and on. We reached the diner where the glasses had been left. He pulled up and parked and she quietly opened the car door to go and fetch the forgotten item. As she was leaving, he looked a little squeamish, and said “Er wait, Betty. Er there is a bit more.” Then he said “Betty while you are getting your glasses, also pick up my credit card and my diary. I'd left them on the same table as your glasses.” “Yes, dear,” she said with a smirk.

### (VIEW OF A MEDIA STUDENTS)

(Media student) WE DON'T JUST crib of how the government is going to the dogs- we do something about it. We are involved; we are trying to change things. We want answers and we want them now. It is this fire; this obstinacy about having it our way and our way only that defines us the youth of today. We care about things that matter. We care for our families and friends, for our country, the environment and also the legal system. But most of all, we care to succeed. Being successful isn't just about having a good job or a high salary. To us success means making a difference while making a mark. No longer do we take what life dishes out; we are now the creators of our own destiny.

Our blatant disregard for rules and tradition might look like arrogance and stubbornness but it is these very qualities that give us the confidence to challenge convention. "You don't have to be great to start, but you have to start to be great," said Zig Ziglar. This knowledge and its complete application coupled with our "Never say Die' spirit are what make the youth truly powerful. We're prepared to do anything it takes to get us an inch closer to our goal.

**(VIEW OF A MOTHER OF A 6-YEARS-OLD)**

Kids of today belong to whole new work and a new era. Honestly, it is quite a task to raise them hot because they may be stubborn or difficult, but because they know so much and can sense their independence at a young age. They are growing faster, learning better and getting smarter.

Gone are the days when kids would spend their days at school scribbling notes and memorizing lessons. A refreshed education system is empowering them with practical activities like projects, filed trips, games and sports. They are independent, confident and smart; qualities that develop them as individuals and help them develop pleasant and friendly personalities.

Along with empowering them and making them emotionally sound individuals, we also find them to be technologically sound. For instance my six year old daughter is more aware of the functioning of an ipad than I am. She has a good laugh over the fact that I need to be taught the basic functions of the 'gadget. Taking a turn from gadgets to languages, children resort to sharpness and witty techniques to spell and write. Kids are smart and they de-clutter their vocabulary with short forms. This highlights their ability to think quick and their hold over quizzical answers.

The young will always remain young, for it is their power, imagination, creativity, quick learning, sharp thinking and involvement that will keep them this way. The youth is maturing perfectly and it is safe to say the future is in good hands.

**મુશ્કેલ નથી સાથીની ખોજ**

યુવાન દિલોનું દિલ ધડકે, સાથીની ખોજ એમને સતાવે.. તો બનો ચિંતામુક્ત હવે.. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વૈવિશાળ સેવામાં... જ્યાં મળશે પસંદગીનો ફલક વિસ્તાર. તો આજે જ આપ આપના લાડકવાયા પુત્ર/પુત્રીઓનું નામ રજીસ્ટ્રેશન કરાવો..

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

Registrar online on : www.asanjokutch.com/matrimonials

Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

## કોઠારામાં ધરમશી પરિવારના અંબેમાતાને નમતા ભાવિકો

આપણાં આરાધ્ય માતાજીના ભુઈમાની ગંધી બદલાવવાનું ચૈત્ર વદ-૧૦, રવિવાર **તા.૧૫-૪-૨૦૧૨** રવિવારના સવારના ૮.૩૦ કલાકે અંબેમાતાજીના મંદિરે, જૈન દેરાસરની બાજુમાં, **કોઠારા**માં રાખેલ છે તો સર્વે ભાવિકોને પધારવા નમ્ર વિનંતી છે.

**કોઠારા-ધરમશી ગોત્ર પરિવાર વતી**

**જયેશ જૈન (ધરમશી) - 09820141761, 022-66800800**

**અતુલ ધરમશી - 09930959241**

## TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
C/o. M/s. Damji Bhimji Co., Station Road, Chalisgaon MH. 424101.

### NAIL IN THE FENCE

There was a small boy who had a bad temper. His father gave him a Bag of nails and told him that every time he lost the temper. He must hammer a nail into the back of a fence. The first day he had driven 37 nails into the fence over the next few days. As he learned to control his anger. The number of nails hammered were few. He discovered it was easier to hold his temper by driving those nails into the fence. Finally the day the boy now pull out one nail for each tray since was able to mold his temper. The days passed and the young boy was finally able to tell his father that all the nails were gone. The father took his son by his hand and led him to the fence he said." You have done well. But look at the holes in the fence. The fence will never be the same. When you say things in anger. They leave a scar just like this. So never be a slave of your temper.

### Proverbs are lamps to life

Life without happiness is a lamp without oil. Glass and reputation are easily cracked and never well mended.

To be successful in old age we save to start young.

### Amazing facts

The human brain which weighs only abort 3 pounds is pretty small.

It has more than 10 billion parts.

It is portable so we can tare it along with us where ever we go

It can be taught almost anything

It builds computers to save thinking time;

It can plan ahead and yes the human brain is the most expertly designed mechanism.

### AMAZING FIGURES

On land surfaces over 300 million hectares are lost to desertification annually.

Another 30 million is lost to urbanisation.

Tropical rain forests are disappearing on an average of over 50 acres per minute.

We are destroying 100 plant and animal species per day.

The Desert areas are increasing world wide at an estimated 60000 sq. kilometers per day.

Three kinds of people in the world. There are three kinds of people in this world. The first are those who are like letters carved on a rock: They easily give vent to anger and retain their anger for a long time. The second are those who are like letters written on sand; they give way to anger also; but their angry thoughts quietly pass away. The third are those who are like letters written on running water; they do not retain their passing thoughts; they allow abuse and uncomfortable gossip pass by unnoticed; their minds are always pure and undisturbed

***- Gautam Budha***

### TODAY'S WORDS

Thanks readers for your overwhelming response to the geese formation. Glad to see ti-tat so many of have taken so much pains to make the maximum words from the phrase. The first prize goes to Mrs. Jasmine D. Gosar, Thane. Congratulations for being the winner the third time. Your efforts should be appreciated. The other noteworthy entries are from Mrs. Mina Kumar Chheda (Mulund)-860 words, Smt. Aari Kamalesh Patel (Hubli)-840 words, Mrs. Aarti Hemal Nagda (Aurangabad)-356 words. Mrs. Dhanlaxmi N. Shah (Banglore)-315 words, Kunal K. Shah (Banglore)-116 words, Riddhi Kishore Mota (Lonavla)-120 words, Darshana Harish Gosar (Karanja)-711 words. Congratulations to all the Participants todays words is **Exertly Designed Mechanism.**

### Bye the Bye

Honestly ask yourself if you are Harbouring any ill will or resentment or Grudge and if so cast them out. Get rid of them without delay. They do not Hurt anybody else. They do not harm the person against whom you hold these feelings. But everyday and high of your life they are harming you.

।। શ્રી શેત્રુંજય ગિરિવરાય નમઃ ।।

।। શ્રી અજીતનાથાય નમઃ ।। ।। શ્રી આદિશ્વરપરમાત્માને નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

# આભાર.... અનુમોદના.... મિચ્છામીદુક્કડમ

અમારા આમંત્રણને માન આપી શ્રી સિદ્ધાચલ શિખરે, નવટુંક જિનાલયે, "અજીત-શાંતિ સ્તોત્ર"ના ઉદગમ સ્થાને, શ્રી અજીતનાથ પ્રબુ તથા શાંતિનાથ પ્રબુની જિનકાલિકાઓની પુનઃપ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલ ઐતિહાસિક મહામહોત્સવે પધારેલ સૌ સંઘ-માહજન-સંસ્થા-ાતિજન-પરિવારજન એવં સૌ ધર્માનુરાગી ગુણીજનોનો હૃદયપૂર્વક **આભાર** માનીએ છીએ.

આપ સૌની ઉપસ્થિતિ અમ સૌ માટે શિરછત્ર સમાન એવં પ્રેરમાદાયક તથા સમગ્ર આયોજનને અવિસ્મરમીય બનાવવા દ્યોતક હતી. જૈન ધર્મની વિચારશૈલી એવં પરપરાઓ વિશ્વ સમક્ષ રજુ કરવામાં અમને મદદરૂપ થયેલ આપ સૌની **અનુમોદના** કરીએ છીએ.



આ પ્રસંગ ઐતિહાસિક બની રહે અને આપ સૌ સારી રીતે સમજી અને માણી શકો તે માટે કેટલાય મહિનાઓથી દિવસ-રાત કામ કરતા કારીગરો-સ્વયંસેવકો-સંઘો એવં નામી-અનામી સૌ શુભચિંતકો દ્વારા ઉભી કરાયેલ વ્યવસ્થાઓમાં ક્યાંય કચાશ જણાઈ હોય-આપને મન દુઃખ થયું હોય તો બે કર જોડી આપની ક્ષમા પ્રાર્થીએ છીએ - **મિચ્છામીદુક્કડમ.** આપના પ્રતિભાવ આપશો કે જે ભવિષ્યનાં આયોજનમાં સહાયરૂપ થાય.

લિ.

**શ્રી સિદ્ધાચલજી અજીત-શાંતિ જિન પુનઃપ્રતિષ્ઠા મહામહોત્સવ સમિતિ**

એવં લાભાર્થી પરિવારો :



**માતુશ્રી તારાબેન માણેકજી મોતા-કચ્છ રાપરગઢવારી** નિવાસી

**હ. નિશાબેન હિતેશભાઈ મોતા**



સંઘવી **શ્રીમાન માણેકલાલ મોહોલાલ ઝવેરી પરિવાર - અમદાવાદ** નિવાસીના સબહુમાનપૂર્વક જયજિનેન્દ્ર વાંચશોજી.

## "પખાવાજ" જ્ઞાતિની આગવી કલા – લહેરચંદ વેલજી મૈશેરી (ભાંડુપ)

આપણી જ્ઞાતિને કલા ક્ષેત્રે સ્વાદિષ્ટ રસોઈ, ભરતકામ, દાંડિયા, રાસ-ગરબા દેશી વાજીંત્ર વાદન વગાડવા સાથે પુરૂષોને શ્રેષ્ઠ **પખાવાજ** સંસ્કાર વારસે-ગળથુથીએ મળ્યો છે. ઉપરોક્ત લલીતકલા માટે કોઈ ટ્યુશન કલાસની જરૂરત પડી નથી.. એક-બીજાના સંપર્ક આવી લલીતકલાઓ જ્ઞાતિજનોએ સિધ્ધહસ્ત કરી છે.

કચ્છમાંથી જ્ઞાતિજનોનું સમય સંજોગે દેશાટન થતાં પ્રભુભક્તિએ ઝૂમી જવાય, ઝૂકી જવાય તેવી પખાવાજ કળા હાલ નામશેષ થવાના આરે છે! વતનના ગામડે-ગામડે તેની પચીશ-પચાશની મંડળી હોય જ. પખાવાજ સાથે હારમોનીયમ વગાડવું. પખાવજને અનુરૂપ ગીતો, સ્તવનોએ પૂજા ભણાવવી, રથયાત્રા પોથી-પારણાંના જાગરણો કે તપસ્વીઓની સાંજીએ વહેલી સવાર સુધી પ્રભાતીયા ગાવા. ગવડાવવા એ સહજ હતા.

"મુજરો રે હરિ.. ચંદ્રાપ્રભુજી સે ધ્યાન રે" જેવા લોકપ્રિય પૂરાતન ગીતો પંચમ સ્વરે ગવાય અને સૌ ઝીલે અને જિનાલયને ગૂંજતું કરી દે. એનાં રણકતા સ્વર તળાવની પાળે અથડાય કે વથાણે સંભળાય તો અજૈન પણ એ તાલે મહાલવા માંડે. ગીતો એક તાલથી શરૂ થાય.. વચ્ચે એના લય, તાલ, આરોહ-અવરોહ બદલાય અને અંતે ૨૧-૨૧ના ઠેકાએ તબલાની થાપ પડે, સૌ કલાકારો પૂરેપૂરા સભાન રહી એને તાલબધ્ધ લયબધ્ધ ઝીલી માહોલને સંગીતથી સજાવી દે!

પખાવાજ વગરનો વરઘોડો, સામૈયો કે રથયાત્રા અધૂરી લાગે! તબલચી અટકળે તબલાની જોડ પેટ પર બાંધી, વચ્ચે ઉભો રહી વર્તુળે સૌને સંગીતની રીધમે શાબદા રાખે. જોશ અને હોંશમાં રાખે.

એ નાચે અને નચાવે, ગીતની લીટીએ લીટી સૌના હાથ, પગ, કમર ડોક અને ચક્ષુઓ પણ લહેકાથી હાલે! મોઢાનાં હાવભાવ અને હાથનાં લટકાથી ચેલેન્જ બકાય! અંતીમ કડી પાંચેથી પચીશવાર પણ રીપીટ થાય તોય ના થાક, ના કંટાળો!! પરસેવે સૌ લથબથ થઈ જાય પણ શરૂ થાય પછી સિજ ખૂટે કાં બીજ ખૂટે ! પણ અધવચ્ચે છોડાય નહીં. એવી રીત, રસમ અને ચાનક.

રાત્રી જાગરણે, પ્રભાતીયાની પૂર્ણાહૂતીએ ચા, જલેબી-ગાંઠીયા સાથે બીડીઓના ધૂમાડા પણ ઉડે! રાત્રી જાગરણે આજુબાજુના ગામોથી ગાડાં જોડી હોંશે હોંશે સાંજીદાઓ ભાગ લેતા.. ગજબની પ્રભુભક્તિ! અજબના ભાવ! સ્નેહાળ સ્વામિભક્તિ! જોકે, આધુનીક યુવા જગત ઈલેક્ટ્રોનીક વાજીંત્રોએ અર્વાચીન ગીતોએ જ મહાલે છે!

પૂજામાં તબલા-પખાવાજની સંગતે જિનાલયે જિનાલયે પથ્થરની નૃત્યાંગનાઓએ વખતે જાણે સાથે ગાતી-વગાડતી-નાચતી હોય તેવું ભાષ્યા વગર ના રહે!

આજથી ૪૦ વરસ અગાઉ શ્રેષ્ઠી શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા તથા કોઠારાના શ્રી રાયચંદભાઈ ગુંદરવાળા એવા કલાકારોને પ્રોત્સાહિત રાખવા પોતાની વખારે શનીવારની રાતે એકત્ર કરી સવાર સુધી કોઠારાના શ્રી મુલજીભાઈ, સ્વ. રતીલાલભાઈ જેવા વીસેક પખવાજ રસીયાઓની સાથે મહેફીલ જમાવી સવારે જલેબી-ગાંઠીયાનો નાસ્તો કરાવી એ કલાને રણકતી રાખવા વરસો સુધી પ્રયત્નશીલ રહ્યા હતા.. એ વાતનો હું સાક્ષી છું. વરાડીયાનાં રાજેન્દ્ર પીતાંબર ડાઘા, દેવેન્દ્ર પટેલ અને સાંયરાના મણીલાલ શામજીએ પખવાજ-તબલાને જીવંત રાખ્યા છે. શ્રી દીપક ગંગાજર ડાઘા તેમજ શ્રી બાંઢીયા જૈન મિત્ર મંડળે એવા ગીત-સ્તવનોને ફરી મુદ્રીત કરી પ્રશસનીય પ્રયાસ કર્યો છે. બૃહદ મુંબઈમાં કદાચ માત્ર **શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપ**ના સૌ સભ્યો પખાવાજ વગાડે છે.

શ્રી શાંતિ જિન જાગૃતિ ગ્રુપ આયોજીત ૧૯મા સમુહ લગ્ને તેરા તીર્થે જીરાવલ્લા અને શામળીયા પાર્શ્વનાથ દાદા દરબારે ઉપરોક્ત સૌ પખાવાજની રણકતી-ધબકતી મસ્તી લગન માહોલે પણ માણી અને જાણી શ્રી મુલચંદભાઈ દંડ, વડીલ શ્રી નરશીભાઈ લોડાયા, કાંતિભાઈ ગાલા શાંતિલાલ ગાલા વડોદરા, પ્રેમચંદ શામજી સાંયરા કાંતિભાઈ લોડાયા ઉસ્તાદ જૂમો, હજૂરીઓ, લીલાવંતી ધરમશી (જશાપુર) અને હંસાબેન લોડાયા (વડોદરા) જેવા ત્રીસેક પખાવાજ કલાકારોએ ખરેજ મનભાવતા પોરસ ચડાવે તેવા પખાવાજે આશ્ચર્ય આપ્યું! આ કલાને જીવંત રાખવા કચ્છી એકમના માધ્યમે શ્રી પ્રબોધ મુનવર અને વારાપધરના ભજનરસીયા શ્રી ભૂપેન્દ્ર લાલજી વગેરે કાર્યકરો સાથે મળી કંઇક કરે એ જરૂરી છે. પખવાજ સૌ જિનાલયે હશેજ પણ મલકના એવા ગાવા-વગાડવાવાળા તો ગોતવા જ પડે!

હાલમાં પણ આવી પખાવાજ કલા રમઝટ પાલીતાણાં તીર્થે ભાંડુપ મંડળના કાર્યકરોએ મહોત્સવમાં જમાવી હતી.. જેમાં લાભાર્થી પરિવારનાં **શ્રી હિતેશ મોતા** પણ લાગણીવશ રથમાંથી ઉતરીને પખાવાજ રંગતમાં જોડાયા હતા..

Statement about ownership and other particular relating to C.D.O. PRAKASH-SAMIKSHA published under Rule 8 of the Registration of Newspapers (Central) Rules, 1956

## FORM IV

| | | | |
|---|---|---|---|
| 1. | Place of Publication | : | 115, Tirupati Indl. Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai - 400 078. |
| 2. | Periodicity of its Publication | : | Weekly |
| 3. | Printer's Name | : | Jayant V. Chheda |
| | Nationality | : | Indian |
| | Address | : | 601, Abhinandan, Sarvoday Nagar, Mulund (West), Mumbai-80. |
| 4. | Publisher's Name | : | Jayant V. Chheda |
| | Nationality | : | Indian |
| | Address | : | 601, Abhinandan, Sarvoday Nagar, Mulund (West), Mumbai-80. |
| 5. | Editor's Name | : | Shri Raichand R. Nagda |
| | Nationality | : | Indian |
| | Address | : | 29/41, Rajabahadur Compound, Tamrind Lane, Mumbai - 400 001. |
| 6. | Name of Owner | : | C.D.O. PRAKASH SAMIKSHA SAMITI. |

I, **J.V. Chheda** hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

For **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI.**

**Date :** 15th March 2012

**J.V. Chheda**
(Printer & Publisher)

## ખોના માંથી નાગડા થયા



**ચિ. તેજસ જીગ્નેશ મુલજી ખોના**
**(સુથરી-મસ્જીદબંદર)**

જેને **શ્રી નૂતનકુમાર દામજી નાગડા** (નલીયા-સુરત)એ સર્વસંમતિથી દત્તક લીધેલ છે તો હવેથી તે **તેજસ નૂતનકુમાર દામજી નાગડા** તરીકે ઓળખાશે. જેની સૌએ નોંધ લેવી.

॥ જયશ્રી અંબેમા ॥

કચ્છ-**લાલા** ગામમાં **નાગડા પરિવાર**ના કુળદેવીમાં શ્રી અબેમાંની સમુહપહેડી અષાઢી બીજ ગુરૂવાર **તા.૨૧-૬-૧૨**ના સવારના ૯ વાગે તથા બુધવાર **તા.૨૦-૬-૧૨**ના સાંજના ૬ વાગે મંદિરમાં ઘણીબાવાનો પાઠ રાખેલ છે. પહેડી પ્રસાદ તથા પાઠનો લાભ **માતુશ્રી ગુણવંતીબાઈ ભોજરાજ નાગડા (રાપર-મુલુન્ડ)** તરફથી છે. લાભાર્થી પરિવાર તરફથી સમસ્ત નાગડા પરિવાર તેમજ નિયાણી બહેનો સહકુટુંબ પધારવા આમંત્રણ છે. આપના આગમનની આગળથી જાણ કરશો જેથી વ્યવસ્થા સાચવવા સુગમતા રહે.

**-: સંપર્ક :-**

**પ્રમોદ મુલજી નાગડા-07325243454**
**કુસુમકાંત ટોકરશી નાગડા-022-25130073**
**સોમચંદ વશનજી નાગડા-9833816131**
**વિભય મણીકાંત નાગડા-9004418009**

## પ્રથમ પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

જન્મ
૩૧-૭-૧૯૬૨



અરીહંતશરણ
૫-૩-૨૦૧૧

**સૌ. હંસાબેન પ્રેમચંદ મોમાયા**
**(સાંયરા-વારાપધર)**

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી ?
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી?
જીવન થોડું જીવી સ્નેહની સૌરભ મૂકી જનાર
તમારા ઉત્તમ કાર્ય અને નિસ્વાર્થ સેવાની
સુશોભીત તમારા સ્મૃતિ.. અમારા સૌના
અંત:કરણમાં અનંતકાળ સુધી પ્રજવલીત રહેશે...

-: શોકાતુર :-

**સ્વ. પુરબાઈ શામજી વેલજી મોમાયા પરિવાર** (સાંયરા)
**સ્વ. દિમુબાઈ વેલજી ડુંગરશી લોડાયા પરિવાર** (વારાપધર)
પતિ : **પ્રેમચંદ શામજી મોમાયા**
પુત્ર-પુત્રવધુ : **ડિમ્પલ કલ્પેશ મોમાયા**
પુત્રી-જમાઈ : **સૌ. દર્શના મીતેશ શાહ**
પૌત્રી : **ચિ. વંચીકા**

## લોડાયા અને મોમાયા પરિવારનું ગૌરવ



**કુ. ખુશ્બુ નિતિન લોડાયા**
**(સાંયરા-પુના)**

Chartered Accountancyમાં C.A. (Final)માં ઉત્તિર્ણ થયેલ છે. હાર્દિક અભિનંદન.

આવી ઝળહળતી સફળતા મેળવવા બદલ અભિનંદન. હજી પણ જીવનમાં સફળતાના શિખરો સર કરે એવા અંતરના આશીર્વાદ.

**ઉરની ઉર્મિઓની વધાવતાં...**

દાદા-દાદી : **સ્વ. ધનલક્ષ્મી કુલીનકાંત લોડાયા** (સાંયરા-પૂના)
નાના-નાની : **સ્વ. રતનબાઈ હેમરાજ મોમાયા** (વરાડીયા)
માતા-પિતા : **મોહિની નિતિન લોડાયા**
ભાઈ : **ભુનેશ**


**THE MARVELLOUS MARBLES**
Krishna Mills Compound,
Opp. Spice Lane Restaurant / D'mart,
Link Road, Mulund (W), Mumbai-400080.
Fax : +91 22 2566 4472
Email : tmmarble1@gmail.com
themarvellousmarbles@gmail.com
**સંપર્ક : નલિન ડાઘા - 09769111040**


## કન્યા જોઈએ છે

ભરૂચ સ્થિત મંગળવાળા, જન્મ ૨૬-૧૨-૮૪ ઉંચાઉ ૫'-૮" કુંવારા યુવક માટે ગોત્ર **નાગડા**, સારૂં કમાતા ગ્લાસ-એલ્યુમીનીયમનું કામકાજ, યોગ્ય કન્યાનાં માતા-પિતા સંપર્ક કરે.
**ફોન (02642) 245116 / મો. 9227578024**

## લગ્ન સંબંધી

મુંબઈ સ્થિત, ઉ.વ.૪૩, ઉંચાઈ ૫'-૫", ૧૨th, પોતાનો ધંધો, વેલસેટ, ક.વિ.ઓ. યુવક માટે યોગ્ય સંસ્કારી, કુંવારી અથવા વિધવા છુટાછેડાવાળી કન્યા આવકાર્ય, કચ્છ બહારગામ કે ઓછું ભણેલી કન્યા પણ આવકાર્ય.સંપર્ક 09702233102

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

## શ્રી મહાકાલી માતાજીનું ૧૭મા વરસનું મહાપૂજન તા.૨૧-૧૦-૧૨ના પહેડીનું અગ્રીમ આમંત્રણ

મુંબઈ મહાનગરીમાં જાગતી જ્યોત, અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજીનું નવરાત્રિમાં
**સમુહ મહાપૂજન - ભક્તિ સમારોહ અને પહેડી પ્રસાદ**
૧૬ વરસ પૂર્ણ કરી **૧૭મો વરસ ઉજવશે. સં. ૨૦૬૮ આસો સુદ ૭ રવિવાર તા.૨૧-૧૦-૧૨ના**
ઘાટકોપરમાં સવારના ૮ થી ૨ દરમ્યાન હંમેશની જેમ કાર્યક્રમ રહેશે.
ભક્તિસંગીત **શ્રી કિશોર મનરાજા-હંસકુમાર મૈશેરી** અને કલાકારોનાં ગીતોની ગંગા રેલાવશે.
સતત ૩ વરસથી ઉદારતાથી બીજાને લાભ આપતા દાતા પરિવારો. ૨૭મા વરસના મુખ્ય સહયોગી
**૧) માતુશ્રી જ્યોત્સનાબેન શાંતિલાલ હ. સૌ. ભૈરવી સેજસ લઘુભાઈ લોડાયા (સાંયરા-ઔરંગાબાદ)**
**૨) માતુશ્રી મુરબાઈ વીસનજી શીવજી લોડાયા હ. સૌ. પ્રભા હેમેન્દ્ર લોડાયા (બાંઢીયા-મુલુન્ડ)**
દર વરસની જેમ સૌના ભાવિકોને દર્શન-વંદન-પૂજન ભક્તિ ઉત્સવ પહેડી પ્રસાદમાં લાભ લેવા અને પધારવા
**તા.૨૧-૧૦-૨૦૧૨** રવિવારના (નવરાત્રિ) આમંત્રાણ પધારશો, માની કૃપા પામશો.
પુણ્ય અવસર-ધન્ય અવસર-શુભ અવસર...

**-: દિલેર દાતાઓને આમંત્રણ :-**

અઢારમું વરસ સં.૨૦૬૯ આસો સુદ ૨ રવિવાર **તા.૬-૧૦-૨૦૧૩**
ઓગણીસમું વરસ સં.૨૦૭૦ આસો સુદ ૪ રવિવાર **તા.૨૮-૯-૨૦૧૪**
વીસમું વરસ સં.૨૦૭૧ આસો સુદ ૫ રવિવાર **તા.૧૮-૧૦-૨૦૧૫**

માના ભાવિકો / શુભેચ્છકો આગામી વરસોમાં લાભ લેવા માની કૃપા પામવા પહેડી પૂજન ભક્તિ ઉત્સવ માટે દાતા ભાવિકોને આમંત્રાણ છે. આપની ભાવના પર્યુષણ સુધી જણાવશો. ઘાટકોપર નવરાત્રિ મહાપૂજન પહેડીમાં દાતાનું નામ અને જાહેર સન્માન કરવાની ભાવના છે. જય જય મહાકાલી માતા. પૂજ્ય યતિશ્રીને આપની ભાવના જણાવી નામ લખી મોકલશો.

**-: નિમંત્રક :-**
**યતિ શ્રીમોતીસાગરજી શ્રીજી મહારાજની શુભેચ્છા**
**શ્રી મુરજી રાઘવજી લોડાયા - ટ્રસ્ટના ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જખૌ

## મહાજનની વ્ય. સમિતિ અને ટ્રસ્ટબોર્ડની પંચવાર્ષિક ચુંટણી

મહાજનશ્રીના સર્વે સભ્યોને જણાવવાનું કે, **મહાજનશ્રીની વ્ય. સમિતિ અને ટ્રસ્ટબોર્ડની વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ માટે પંચવાર્ષિક ચુંટણી તા.૨૫-૩-૧૨ના બપોરે ૩ વાગે** યોજેલ મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભામાં કરવામાં આવશે. આ ચુંટણી પ્રક્રિયા માટે શ્રી ચંપક જીવાણીની નિયુક્તિ કરવામાં આવી છે.

ચુંટણીમાં ઉમેદવારી કરવા ઇચ્છુક મહાજનશ્રીના સભ્યો બંધારણ અનુસાર નિયત વિભાગનાં (દેશાવળ અને મુંબઈ) ફોર્મ ભરી ટેકા સહિતની દરખાસ્ત મોકલશે. જો જરૂરી બેઠકો કરતાં વધુ ઉમેદવાર હશે તો ત્યાંજ મતદાન ફરી નિર્ણય લેવાશે. જખૌ (સ્થાનિક) વિભાગનાં પ્રતિનિધિ સભ્ય ત્યાં સ્થાનિકે સભા ભરી નિર્ણય લેશે.

મહાજનની વ્ય. સમિતિ માટે કુલ ૧૫ સભ્ય છે. જેમાં ૧૨ સભ્ય માટે ચુંટણી અને ૩ સભ્યો કોઓપ્ટ થશે. જે મુંબઈ વિભાગનાં જ રહેશે.

**★ પ્રમુખ - કોઈપણ વિભાગમાંથી,**

**★ પ્રથમ ઉપપ્રમુખ જે વિભાગથી પ્રમુખ ચુંટાય તે વિભાગ છોડીને, બાકીના વિભાગમાંથી,**

**★ દ્વિતીય ઉપપ્રમુખ : પ્રમુખ અને પ્રથમ ઉપપ્રમુખ ચુંટાયા હોય તે વિભાગ છોડીને બાકીના વિભાગમાંથી**

**★ માનદ કોષાધ્યક્ષ : મુંબઈ વિભાગમાંથી**

**૪ કારોબારી સભ્ય - મુંબઈ વિભાગમાંથી, બે સ્થાનિક વિભાગમાંથી અને બે દેશાવર વિભાગમાંથી એમ કુલ ૧૨ જણાં ચુંટાશે અને ૩ સભ્યો કોપ્ટ કરાશે.**

નવા ચુંટાયેલા પ્રમુખ પોતાની પસંદગીના **મુંબઈ વિભાગમાંથી** માનદ મંત્રી અને સહમાનદમંત્રી નીમશે.

ટ્રસ્ટબોર્ડમાં કુલ ૬ સભ્યોની પાંચ વર્ષ માટેના કાર્યકાળ માટે ચુંટણી થશે. જેમાં ૩ મુંબઈથી, બે જખૌથી અને એક દેશાવળ વિભાગથી લેવાશે.

અને એક સભ્ય ટ્રસ્ટડીડ મુજબ શ્રી ભીમશી રતનશી અને શ્રી જીવરાજ રતનશી પરિવારમાંથી પ્રતિનિધિરૂપે આવશે. આમ કુલ ૭ સભ્યોનું ટ્રસ્ટબોર્ડ રહેશે.

ગામ-જ્ઞાતિ મહાજન અને ટ્રસ્ટના વિકાસ-ઉધ્ધાર અર્થે જ્ઞાતિ કાર્યકરો જાગૃતિ દર્શાવી સેવાભાવ માટે આગળ આવશે તેવી આશા-અપેક્ષા છે.


ચુંટણી સંબંધી સંપર્ક : **ચંપક જીવાણી,** સ્નેહલ લેબ, ૩, ફેમીના (સનરાઈઝ), ૧લો ગુપ્તે ક્રોસ રોડ, ડોંબિવલી (વે)-૪૨૧૨૦૨. ફોન ૯૮૨૦૮૦૮૦૭૭ email : champak156@gmail.com બન્ને સંસ્થાની ચુંટણીમાં ઉમેદવારી નોંધાવવા ઇચ્છુક સભ્યો ત્વરીત ફોર્મ ભરી મોડામાં મોડા **તા.૨૫-૩-૧૨**ના સવારે ૧૧ વાગ્યા સુધી મોકલી આપવા.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જખૌ વતી**

**સનત ખોના (માનદમંત્રી)-09322283633** ● **હરીશ શિયાડ (સહમાનદમંત્રી)-09702854854**

(નોંધ : સ્થાનિક વિભાગના નિયત પ્રતિનિધિ સ્થાનિકે મહાજનશ્રીના સભ્યો દ્વારા ચુંટી/નીમાઈને મોકલી અપાશે.)

## CONGRATULATIONS



**Darshan Vijay Dagha**
B.E. (Electrical) and LL.B.
(Varadia-Mumbai) DOB 30-06-1986

Darsha (Practicing Advocate and Consulting Project Engineer) has passed out in First attempt Company Secretary (C.S.) Executive Module in first Class. We wish him a great success for continuing studies and his work in corporate world.

**Grand Parents**
**Gangaben Devshi Virji Dagha** (Varadia)
**Ratanben Dhanji Bhavanji Nagda** (Luni)
Phone : 0251-2448280 / 2433621, 9773900239

## પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ

જન્મ
તા.૧૯-૬-૧૯૮૬



સ્વર્ગવાસ
તા.૧૯-૩-૨૦૧૧

**કુ. દિશીતા ભૂપેન્દ્ર લોડાયા** (દલતુંગી-ઘાટકોપર)
તારો દિવ્ય આત્મા પરમ શાંતિ પામે,
સર્વ કર્મોનો ક્ષય પામી મોક્ષગામી બને
હે પરમાત્મા એ દિવ્ય આત્માને પરમ શાંતિ આપજે,
એવી પ્રાર્થના....

**~ સ્મરણાંજલિ ~**
**મા. મુરબાઈ લખમશી દેવશી લોડાયા પરિવાર** (દલતુંગી)
**મા. રમીલાબેન પુનશી ઘરમશી મુનવર પરિવાર** (રંગપુર)
માતા - પિતા : **સૌ. નીતા ભુપેન્દ્ર લોડાયા**
ભાઈ-બેન : **વૃત્તિ અને ચિંતન**

## ફાર ઈસ્ટ

**સીંગાપોર**
- જૈન જિનાલય
- સેન્ટોસા વીથ અન્ડરવૉટર વર્લ્ડ
- ઝુરોંગ બર્ડ પાર્ક
- નાઈટ સફારી
- સીટી ટુર

**મલેશીયા કુઆલાલુમ્પુર**
- જૈન જિનાલય
- બાટુ કૅવ્જ
- સીટી ટુર જેન્ટીંગ હાઇલેન્ડ
- કેસીનૉ
- આઉટડોર થીમ પાર્ક

**થાઇલેન્ડ-બેંગકોક પટ્ટાયા**
- જૈન જિનાલય
- કોરલ આઈલેન્ડ
- સીટી ટુર
- ટીફની શૉ
- સફારી વર્લ્ડ
- નુંગ નુચ વીલેજ
- મરીનપાર્ક
- મીની શીયામ
- શ્રીરાંચા ટાઈગર ઝુ

□ મુંબઈથી મુંબઈ એસ્કોર્ટની સેવા • સંપુર્ણ સફરનો ઇન્સુરન્સ કવરેજ □ બધાજ શાકાહારી ભોજન (જૈન પણ) ઇન્ડીયન રેસ્ટોરેન્ટમાં
□ હોટલોમાં કોન્ટીનેન્ટલ બ્રેકફાસ્ટ □ અધિકૃત ગાઈડો દ્વારા માહિતી અને માર્ગદર્શન, ભરપુર સાઈટ સીઇંગ
□ એરકન્ડીશન્ડ બસ પ્રવાસ • સીંગાપુર-કુઆલાલમ્પુર 2AC રાત્રી ટ્રેન પ્રવાસ (દિવસનો બચાવ)
□ બસ પ્રવાસ દરમ્યાન ડ્રાયફ્રુટ/ટાઇમપાસ પેકેટસ્ □ મુંબઈ-સીંગાપુર, કુઆલાલમ્પુર-બેંગકોક-મુંબઈ ઇકોનોમીક એર ફેર
□ ત્રણે દેશનાં વીઝા, ત્રણે દેશનાં જિનાલયોના દર્શન □ સુંદર તારાંકિત હોટલોમાં ટ્વીન શેરીંગ ધોરણે વૈભવી નિવાસ

ઉપરોક્ત બધું જ ટુર કોસ્ટમાં સામેલ છે. (All Inclusive Package) • પ્રસ્થાન-૨૧ એપ્રિલ, ૧-૧૨-૨૨ મે અને ૧ જુન... બુકીંગ ચાલુ મર્યાદિત સીટો

ટુર કોસ્ટ ~~₹૯૯,૯૯૯/-~~ પણ K.D.O. જ્ઞાતિજનો માટે ૭૫ દિવસ પુર્વે માત્ર ₹૬૬,૬૬૬/- (Taxes applicable)
ઇચ્છુકોએ ₹૨૫,૦૦૦/- ભરી મેટફીનીશ ૮૦% ચહેરો દેખાય તેવા બોર્ડર / ચશ્મા વગરના ૬ ફોટા અને ૬ મહિનાની વેલીડીટી સાથેના પાસપોર્ટ સાથે તુરંત વહેલો તે પહેલોના ધોરણે બુકીંગ કરાવવા આમંત્રણ છે.

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા..®
**TAN MAN**
TOURS & TRAVELS
મુલુંડ ✷ દાદર ✷ પાર્લા

**-: હેડ ઑફીસ :-**
**૧૯-૨૦એ, મોનાણી સદન, નહેરૂ રોડ, મુલુન્ડ**
□ ૨૫૯૦૩૫૧૪-૧૫-૧૬ / ૨૪૧૬૦૭૦૮
□ ૨૬૬૩૦૪૦૮ / ૬૫૦૦૫૭૫૮
□ □૦૯૩૨૩૩૬૦૭૦૮ / ૦૯૭૫૭૨૯૦૦૨૮
e-mail : tanmantravels@yahoo.co.in

# અનુમોદનાની મંગલ આરતી

**પૂ. માતુશ્રી તારાબેન માણેકજી મોતા (રાપરગઢવારી)**

ઈશ્વરે તો ઘણાં પર દયા કરી છે પણ કોઈ ભડવીર જ અંતરની તિજોરી ખુલ્લી કરે! જૈન ધર્મ પણ ઘણાંને મળે પણ ધર્મનું સંવર્ધન, સંરક્ષક અને સંરક્ષણ ધર્મસુભટ થઈને કોઈ જ કરે! બુફે જમણ તો સૌ કોઈ કરે પણ સંપૂર્ણ સુખાસને આવી વિરલ સ્વામીભક્તિ આપ જેવા જવાંમર્દ થઈ કોઈક જ કરે!

જે તીર્થના કણેકણમાં કલ્યાણની ભાવના, કાંકરે કાંકરે સિધ્ધોની સાધનામાં સાથીયા અને વાતાવરણમાં વીરોચીત યશોગાથાઓનું ગુંજન ગૂંજે છે તેવા સિધ્ધાચલમાં આપનાં ૩૬લક્ષણાં હાથે અજિત શાંતિ પુનઃ પ્રતિષ્ઠાએ અજિત-શાંતિ સ્તવનાનું મંગલ પઠન અને શત્રુંજયના ઈતિહાસમાં નવલ નઝરાણાં સમ એક એકથી ચડે તેવા રથયાત્રાના આકર્ષણે આપશ્રીએ આપણાં નાનકડા ગામ **રાપર ગઢવારી**નાં ગઢના કાંગરાને સમસ્ત જૈનોમાં અહો, આશ્ચર્યમ્ અને અનુમોદનાએ ગજબની ગરિમા અપાવતાં, અમારી ૩૬ની છાતી ૪૯ થતાં અમે અમારી દશાઈ જ્ઞાતિની વાંકડી મૂછે તાવ દીધો!

આ પ્રતિષ્ઠા પ્રસંગે આપ સૌના સૌજન્યશીલ આમંત્રણે અંદાજે ૫૦૦૦૦ જેટલા જૈનો સાથે પાલીતાણામાં સૌ પ્રથમવાર ૨૫૦૦થી૩૦૦૦ જ્ઞાતિજનોએ ચાર ચાર દિવસ હાજરી આપી રેકર્ડ સર્જ્યો! વાહ, ફક્ત ચાર જ દિવસોમાં રોજના સવાથી દોઢ લાખ ભાણાંનાં હિસાબે છ લાખ અતિથીઓની જાજરમાન સ્વામિભક્તિએ તો ભા, ઝૂકીજ જવાયું! જાણે આપના બંને હાથોની જશરેખામાં જગડુશા છુપાયા ન હોય!

સ્મૃતિની છીપમાં સંઘરીને સાચવવા પડે તેવા અનેકાનેક પ્રસંગો પરમ પ્રસન્નતા અનુભવી. જ્ઞાતિના સંખ્યાબંધ મોવડીઓએ હાજર રહી આ પ્રસંગને ચાર ચાંદ લગાડ્યા. આપણાં રાપરગામને શ્રી ચાંપશીભાઈ નાગડાએ સમસ્ત ગુજરાતીઓમાં ગાજતું કર્યા બાદ આપશ્રીએ સમસ્ત જૈનોમાં આદરના આસનીએ બીરાજીત કર્યો. વંદન, આપની છલકતી, ઉભરતી અને ઉછળતી ધાર્મિકતાને. આપે અહિંસક લક્ષ્મીને ધાર્મિક અને સામાજીક બનાવવાનું દિશાસૂચન આપ્યું છે.

ઈતિહાસ રચવો પડે, સર્જવો પડે. આપે આ સર્જનની પળોમાં અમને યાદ કરી યાત્રિક બનાવ્યા એનો અનેરો આનંદ છે. જીવનનો એક યાદગાર લહાવો મળ્યો.

***ભા, અંઈ પગ રખોને પૂનમ ઉગે, અંઈ અચો ને દીયારી થીએ,***

***અંઈ હથ રખોને રાપર મેં વાપર... વાપર જ થ્યા કરે...***

આંજી રાત ચાંધીજી અને ડીં સોન જો ઉગે, આદેશ્વર ડાડા આંકે નિમ્ જેડા નિમરા રખેં, અંઈ ધરમજી ધજા ભની ડોંએ ડિસમેં ઉડધાં રો. ઇ જ ભાવના... આપનું તન તંદુરસ્ત અને મન સદા પ્રસન્ન રહે એવી અનુમોદના.

શુભેચ્છાના ગુલદસ્તાએ વધાવતાં આપના ગામાઈઓ

**માતુશ્રી દેવકાંબાઈ દેવજી નાગડા સમસ્ત પરિવાર**

**શ્રી પ્રફુલ દેવજી નાગડા      શ્રી દિલીપ દેવજી નાગડા**

**શ્રી ચીમનલાલ દેવજી નાગડા      શ્રી રતીલાલ દેવજી નાગડા અને પરિવારજનો**



# શુભેચ્છાની છાબડીએ...



**પૂ. માતુશ્રી તારાબેન માણેકજી મોતા સહપરિવાર**

નાત સંસ્કારનાં સંગીતનાં વારસાયુક્ત **"પખાવાજ"** વગાડવા આપશ્રીએ અમને રથયાત્રામાં દાદાના શત્રુંજય કલ્યાણરથ આગળ ઉચિત સ્થાન આપી અમારી કદર કરી એનો આનંદ છે.

હિતેશ ભા, આપ તો રથમાંથી ઉતરી ઝાંઝપખા લઈ વગાડ્યા, નાચ્યા, કુદયા અને અમને રોમાંચીત પ્રોત્સાહિત કર્યા તે સાથે આવી ઐતિહાસીક ક્ષણના સાક્ષી બનાવ્યા તેનો સહૃદય આભાર...

**ગુલાબની શત પાંખડીએ વધાવતાં... અનંત મિત્ર મંડળ-ભાંડુપના સભ્યો**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

# કેડીઓ ક્લાસિક સમાજ ઉત્કર્ષ નિધિ

# KDO KLASSIK SAMAJ UTKARSH NIDHI

MANAGED BY : **KDO KLASSIK - MUMBAI** REGISTERED UNDER SOCIETIES REGISTRATION ACT, 1860 (REGD. NO. 1374 OF 1998)

C/O. VIJAY COTTON & FIBRE CO., DHAN NIWAS, GR. FLOOR, 180, SHRADHANAND ROAD, VILE PARLE (E), MUMBAI - 400 057.
□ PHONE : 2618 1778 • 2618 1779 □ FAX : 2618 1777 □ E-MAIL : shantilal@vijaycotton.com

**: આંખ :**

**તપાસણી / સારવાર / ઓપરેશન**

આંખમાં કાપો નાખ્યા વગર, ટાંકા રહિત અધતન PHACOEMULSIFICATION (લેસર) પધ્ધતિથી IMPORTED LENS બેસાડી અમારી સંસ્થાએ વર્ષ :૧૯૯૮ થી અત્યાર સુધીમાં આપણા જ્ઞાતિજનોના મોતિયા-ત્રાંસી આંખ (બાડાપણું)- પાંપણના સેંકડો ઓપરેશન સફળતાપૂર્વક કરાવી આપ્યા છે.

**કાન-નાક -ગળું (ENT)**

**તપાસણી/સારવાર/ઓપરેશન તથા HEARING AID**

સાંભળવાની તકલીફ (બહેરાશ) ધરાવતા જ્ઞાતિજનોને વર્ષ :૨૦૦૭ થી અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ કાનની પાછળ પહેરી શકાય એવા BTE HEARING AID અમારી સંસ્થાએ આપેલ છે. આ સિવાય ENT ની અન્ય તકલીફો માટે સારવાર / ઓપરેશન પણ કર્યા છે.

આંખ તથા ENT (કાન-નાક-ગળા) સારવાર /ઓપરેશન /HEARING AID નો સર્વ ખર્ચ અમારી સંસ્થા ભોગવે છે. દર્દીને કોઈ રકમ આપવાની હોતી નથી.

ભારતના ગમે તે ગામમાં વસતા જ્ઞાતિજનોને ઉપરોક્ત સરનામે અમારો સંપર્ક કરવા ભલામણ છે. આપની તકલીફ અંગે એક પોસ્ટકાર્ડ /પત્ર ઉપરના સરનામે લખી મોકલાવશો તો આપને ઘરે બેઠા સર્વ માહિતી મોકલાવી આપીશું જી.

અમારી સંસ્થાને આપની સેવા કરવાનો લાભ આપવા વિનંતી છે.

**આભાર**

## શ્રી ડાઘા-માલદે-ખેરાણી પરિવાર-દલતુંગી


## આમંત્રણ

શ્રી મોમાઈ માતાજીના મંદિરની **તૃતિય ધ્વજારોહણ તથા દ્યોત અને નૈવેદ્ય પ્રસંગે તા.૨૫-૪-૧૨**ના બપોરથી **૨૬-૨૭** તથા **૨૮-૪-૧૨**ના સવારના નવકારશી સુધીનું આયોજન દલતુંગી મુકામે રાખવામાં આવેલ છે. સર્વે કુટુંબીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**નોંધઃ** ૧) **તા.૨૬-૪-૧૨**ના દેરાસરના ધ્વજા છે.

૨) જામનગર માટે અઠવાડીએ સ્પેશલ ટ્રેન છે જેની બુકીંગ તા.૬-૩-૧૨થી ચાલુ થાય છે. બાંદ્રાથી દર બુધવારે રાતના ૧૧.૫૫ અને જામનગરથી આવવા માટે મંગળવારે બપોરના ૧.૩૦ વાગે ટ્રેન છે.

## શ્રધ્ધાંજલિ સુમન



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ કોટડી-મહાદેવપૂરી મહાજનનાં ભૂતપૂર્વ પ્રમુખ

**શ્રી રાયચંદભાઈ હંસરાજ મૈશેરી**નું

તા.૯-૦૧-૨૦૧૨નાં દુઃખદ નિધન થતાં ગામવાસીઓએ તથા મહાજનશ્રીએ ઘેરા શોકની લાગણી અનુભવેલ છે. કોટડીવાસીઓને એક ઓછાબોલા, સહયોગી, મિલનસાર જ્ઞાતિજનની ન પૂરાય એવી ખોટ પડી છે. સદ્‌ગતનાં આત્માને પરમ શાંતિ મળે એવી કોટડીવાસીઓ તથા મહાજનશ્રીની ભાવભીની શ્રધ્ધાંજલિ.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ કોટડી** (મહાદેવપુરી)

**મહાજન વતી ટ્રસ્ટીગણ**


**શ્રી દામજી હંસરાજ ગાલા** (પ્રમુખ)

**શ્રી મનીષ ઉમરશી ઘ્રોળ** (ખજાનચી) **શ્રી કીરીટ લાલજી ગાલા** (ટ્રસ્ટી)

**શ્રી નિતીન દામજી ઘ્રોળ** (ટ્રસ્ટી) **શ્રી આશિષ રાયચંદ મૈશેરી** (ટ્રસ્ટી)

॥ શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ ॥

# અનુમોદના... અભિનંદન



## માતુશ્રી તારાબેન માણેકજી મોતા


માણસ માત્રમાં ધાર્મિક ભાવના જન્મજાત હોય છે. તેને મઠારીને પનપવી તથા તેનું સૂક્ષ્મ જ્ઞાન પામી ધર્મ પાળવો અને તે માટે આગ્રહ રાખવો એ શ્રાવકધર્મ છે.

મા, આપના નેત્રદીપકોએ આ ધર્મ પાળ્યો છે અને આપના સંસ્કારોને દીપાવ્યા છે. શ્રી સિધ્ધાચલજી શિખરે મહાપ્રતિષ્ઠાના અનુષ્ઠાનો એવં સિધ્ધાચલજી તીર્થના ઈતિહાસમાં કદાચ પહેલી વખત તમામ ૨૭૦૦૦ જિનબિંબ તથા ગિરીરાજના એક સાથે અઢાર અભિષેક, તળેટી ખાતે અવિસ્મરણીય એવં બેનમુન મહાપુજા, પાલીતાણા ગામે અજિત-શાંતિ દેવકુલીકાઓની પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે યોજાયેલ અવર્ણનીય મહારથયાત્રા તથા ૧૦૮ સંગીતકારો સંગાથે વિશાળ મંડપમાં યોજાયેલ સૂક્ષ્મ સંગીત સાથેની અનન્ય સ્તવન માલિકા માણવાનો અમુલ્ય લહાવો અમને મળેલ. આ પ્રસંગે પધારેલ ૪૦-૫૦ હજાર ધર્મ અનુરાગી સાધર્મિકોની ૧૨૫ ધર્મશાળાઓમાં ૪-૫ દિવસ માટે રહેઠાણ વ્યવસ્થા એવં ૧૦૫૦૦ જણ એક સાથે બેસીને જમી શકે એવા વિશાળ ભોજનખંડનું આયોજન તેમજ અન્ય સુસંગત વ્યવસ્થા/ આયોજન અપ્રતીમ હતા. **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ** એવં **હિતયોગી પરિવાર**ની વ્યવસ્થાકિય કામગીરી દાદ માંગી લે તેવી હતી.

મા, આપના નેત્રદીપકોએ સમસ્ત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિનું નામ ઉજાળ્યું છે અને આપણા રાપર ગઢવારી ગામને પણ પ્રતિષ્ઠા અપાવી છે. ૧૫૦ વર્ષ પછી જ્ઞાતિ મુકુટમણિ શેઠશ્રી કેશવજી નાયકનાં અંજનશલાકા આયોજન પછી આ મહામહોત્સવે પાલીતાણામાં ક.દ.ઓ.નો ડંકો વગાડ્યો છે. કદાચ જ્ઞાતિ ઈતિહાસમાં પહેલી વખત જ ૨૮૦૦ - ૩૦૦૦ ક.દ.ઓ. જ્ઞાતિજનો એકસાથે પાલીતાણામાં ભેગા થયા હોય.

મા, આપ સદેહે હાજર ન હતા પણ આપની હાજરી સમસ્ત વર્તાતી હતી. આપના પરિવારની અનુમોદના કરતાની સાથે, આવા અપ્રતિમ આયોજન માટે અભિનંદન આપીએ છીએ. ભવિષ્યમાં આવા ઉત્કૃષ્ટ ધાર્મિક-સામાજિક મહાકાર્યો કરવાની શ્રી ગોડિયા પાર્શ્વનાથજી પ્રેરણા આપતા રહે અને તે સારું બળ આપતા રહે એવી પ્રભુ પ્રાર્થના...

લિ.



**શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસર અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ-રાપર ગઢવારી**


**શ્રી રાપર ગઢવારી-નાની સિંઘોડી ક.દ.ઓ. જૈન સંઘ**

**શ્રી રાપર ગઢવારી - નાની સિંઘોડી મિત્ર મંડળ (પ્રસ્તાવિત)**

**શ્રી ક.દ.ઓ. ગોડિયા પાર્શ્વનાથ સખી મંડળ**

**રાપર-વાસ યુથ ફોરમ**

**તથા સમસ્ત ગામવાસીઓના જય જિનેન્દ્ર**



**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન**
**સંસ્થા સમાચાર — જ્ઞાતિ સમાચાર — વતન સમાચાર**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. જૈન યુવક મંડળ-ગાંધીધામ

મંડળ દ્વારા તા.૧૯ -૨-૧૨ના ગોપાલ સ્ટેડીયમ-આદીપુરમાં સ્વામિ વિવેકાનંદજીની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે યુવાશક્તિ વર્ષ અંતર્ગત સ્પોર્ટસ્ ડે ની ઉજવણી કરવામાં આવી. જેમાં બૃહદ ગાંધીધામ વિસ્તારમાં વસતા જ્ઞાતિના ભાઈઓ માટે ક્રિકેટ મેચ તથા નાના બાળકો અને બહેનો માટે વિવિધ સ્પર્ધાઓ યોજાયેલ.

સવારે વારાપધ્ધરના ઉપસરપંચ શ્રી અરવિંદભાઈ લોડાયાનાં હસ્તે ક્રિકેટ મેચ તથા વિવિધ હરીફાઈઓના કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. ક્રિકેટમેચમાં કુલ ચાર ટીમો રમી. બે સેમી ફાઈનલ અને છેલ્લે ફાઈનલ યોજવામાં આવેલ ત્રાણેય મેચમાં અનુક્રમે અરવિંદ લોડાયા, પદમશીભાઈ લાલકા અને મિતેશ ધરમશીએ ટોસ ઉછાળી મેચોને સ્ટાર્ટ આપેલ. છેલ્લે તેરા-ઈલેવન હાર્દિક નાગડાની ટીમ વિજેતા બનેલ. વિજેતા ટીમના દરેક ખેલાડીને મંડળે અભિનંદન આપી મેડલ અર્પણ કરેલ. વધુમાં સમતા ઈન્ફાકોન પ્રા. લી.ના શ્રી પ્રદિપભાઈ ખોના તરફથી રૂ ા.૧૫૦૧નો પુરસ્કાર આપવામાં આવેલ. મેન ઓ ધી મેચ રાહુલ લોડાયા, લીગ મેચમાં મેન ઓફ ધી મેચ દિલિપ મોતા, મિકિર ખોના, મેન ઓફ ધી સીરીઝ સમીર મોતા, બેસ્ટ બેટસમેન હિતેન  છેડા, બેસ્ટ બોલર હાર્દિક નાગડા, બેસ્ટ ફીલ્ડર કુનાલ લોડાયા, બેસ્ટ ચાઈલ્ડ પર્ફોમર જય ખોના જાહેર થયેલ. તેમજ મહિલા ક્રિકેટમાં બેસ્ટ બેટસમેન પાયલ નાગડા, બેસ્ટ બોલર વૈશાલી લોડાયા તથા બેસ્ટ ફિલ્ડર હિરલ મુનવર જાહેર થયેલ. ૨૦૦ મી રેસ, ટગ (કપલ) રેસ, લોગ જંપ તથા એક્ટીવીટી દોડ, મ્યુઝિકલ ચેર, હાઉસી ગેમમાં નાના ભુલકાઓ તથા બહેનોએ ઉમળકાભેર ભાગ લીધેલ. વિજેતાઓને મંડળ દ્વારા દાતાઓના સહયોગથી અતિથિઓના હસ્તે ઈનામો અપાયેલ.

જમણવારના સહયોગી દાતા શ્રી મિતેશ મધુકાન્ત ધરમશી, હરીશ દામજી ખોના, મધુકાન્ત જવેરચંદ લોડાયા, ઈનામના સહયોગી દાતા શ્રી તરંગ વિશાલ લાલકા, માતુશ્રી તેજબાઈ લાલજી લોડાયા, માતુશ્રી સોનબાઈ દામજી વિકમશી, ચા-પાણીના દાતા શ્રી સોમચંદ ધારશી નાગડા, મંડપના દાતા શ્રી મુકેશ ઠાકરશી ભાટે, લાઈટ અને સાઉન્ડના દાતા હિમ ઈલેક્ટ્રીક હા. વિજય જવેરચંદ મુનવર તથા અન્ય સહયોગી દાતા માતુશ્રી નવલબેન ઠાકરશી લોડાયા તરફથી સહયોગ મળેલ. તેમને શાલ અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ અને આભાર મનાયેલ. ક્રિકેટ મેચમાં કોમેન્ટેટર તરીકે અનીલભાઈ ડાભી (ભુજ) એ સેવા આપેલ. કાર્યક્રમમાં મંડળ દ્વારા સવારે કોલ્ડડ્રીંકસ, બપોરના જમણવાર તથા સાંજે ચા-પાણીની વ્યવસ્થા રાખવામાં આવેલ. તેની સેવા બદલ પંકજભાઈ લોડાયાનું મંડળ દ્વારા સન્માન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન સાર્થક મંડળ દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે સર્વશ્રી અરવિંદ લોડાયા, કવિ તેજ પદમશીભાઈ લાલકા, મધુકાન્ત લોડાયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. ગાંધીધામ મહાજનના પ્રમુખ શ્રી મિતેશભાઈ ધરમશી અગ્રણી શ્રી પદમશીભાઈ લાલકા, અરવિંદ લોડાયા, શ્રી મધુકાન્ત શાહ, કવિ તેજ નાગડા, શ્રી લહેરચંદ મોતા, શ્રી મહેશ લાલકા, શ્રી લહેરચંદ સોના, શ્રી પ્રદીપ ખોના, શ્રી પ્રવિણ દંડ, શ્રી બિપિન લોડાયા, શ્રી શરદ મોમાયા, શ્રી હરીશ ચુરલા, શ્રી શાંતિલાલ મોમાયા, શ્રી હરીશ લાલકા, શ્રી વિરેન નાગડા, શ્રી રાજેશ મૈશેરી તેમજ મહિલા મંડળના પ્રમુખ મીનાબેન લાલકા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. મંડળના આધ્યસ્થાપક શ્રી આણંદજીભાઈ મોતાએ તથા શ્રી લહેરચંદભાઈ મોતાએ પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી. મંડળના પ્રમુખ શ્રી મિતેશ મોતાએ દાતા પરિવારો અને જ્ઞાતિજનોનો આભાર માન્યો હતો. મંડળના કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS — દાદર, મુલુંડ, પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
TAN MAN 1985 25th 2010 SILVER JUBILEE YEAR
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™ MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## કચ્છી ચેર દ્વારા દસ પુરસ્કારો જાહેર

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી દ્વારા સ્થાપિત કચ્છી ચેરનું નામ ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છી ચેર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત ચેર દ્વારા જાહેર દસ પુરસ્કારોમાં સાહિત્ય માટે તેજપાલ ધારશી નાગડા "તેજ" ને કચ્છરત્ન પારિતોષિક મળ્યું છે. જ્યારે હસ્તકલા માટે શ્રૃજનને, ઉદ્યોગ માટે યુરોને, સંગીત માટે સુલેમાન જીના પરિવાર સહિતનાં વિવિધ એવોર્ડ જાહેર થયા છે.

કચ્છ હવે રણોત્સવ, કાર્નિવલ જેવા વિવિધ ઉત્સવોના સંદર્ભમાં રાષ્ટ્રના કેન્દ્રમાં આવતો જાય છે. જેથી કરીને કચ્છનું પ્રવાસન વિકસે. એટલે કચ્છ પ્રદેશના ગાઈડસ્ તૈયાર કરવા એ માટેનો ટૂંકા ગાળાનો સર્ટિફિકેટ કોર્સ કરાવવાનું કાર્ય આ ચેર ઉપાડી લેશે.

અત્યાર સુધી કચ્છની સમગ્ર સંસ્કૃતિને સાચવી લેતી એકમાત્ર કહી શકાય તેવી જગા રામસિંહજી રાઠોડ સંચાલિત ભારતીય સંસ્કૃતિ દર્શન કચ્છ રહી છે. એના એક મુખ્ય ટ્રસ્ટી તરીકે મુકેશ ઝવેરી સતત કાર્યશીલ રહ્યા છે. એમના સૂચન અનુસાર આ સંસ્થા કચ્છ યુનિ. સાથે સંયોજાય તો બંને સંસ્થાઓના સમગ્ર સમન્વયથી ઉત્તમ પરિણામો નિપજી શકે. કચ્છ યુનિવર્સિટી સંચાલિત કચ્છી ચેર કાર્યરત રહે એ પ્રકારનો એક કરાર પણ યુનિવર્સિટી નજીકના ભવિષ્યમાં કરી રહી છે.

કચ્છના અંતરિયાળ ગામોમાં જઈને રોગાનકલા અને હસ્તકલા, સૂડી, ચપ્પુ જેવા ઉદ્યોગો વગેરેના તજજ્ઞોની રૂબરૂ મુલાકાત લીધેલી. તેમજ આ કલાના તમામ કલાકારોને મળેલા પારિતોષિકો, એમની કલાના ઉત્તમ નમુનાઓ આ સઘળી વિગતોનું દસ્તાવેજીકરણ કરવાનું પણ વિચારવામાં આવ્યું.

## કચ્છ વિકાસની ગાથામાં આગેકુચ

ભુકંપ બાદ કચ્છની પ્રગતિનું પાનું સતત ખુલતું રહ્યું છે. વણથંભી વિકાસ વણજારમાં એક વધુ પૃષ્ઠ ઉમેરતું અદાણી ગ્રુપ કંડલા બંદર વિકાસ માટે સક્રિય બન્યું છે. તુણા-મુંદ્રા જેવા બંદરો સતત વિકસતા રહ્યા છે. દેશના આયાત વ્યાપાર માટે સૌથી વિશાળ અદ્યતન સુવિધાવાળું ટર્મીનલ કંડલામાં બાંધવા પરવાનગી મેળવવા સફળ મળ્યું રહી છે. રાજ્ય સરકાર દ્વારા ૨૫૦૦ કરોડની રોકાણની જાહેરાતે કચ્છ સૌથી વધુ વિકાસ માટે યશભાગી બન્યું છે.

## મુંદ્રા માંડવી-નલિયાને રેલસેવાથી જોડવા મહત્ત્વાકાંક્ષી યોજના


કચ્છના સર્વાંગી વિકાસ માટે પરિવહન સરળતા માટે મુંદ્રા, માંડવી અને નલિયાને ટ્રેનસેવાથી જોડવાનો વિચાર રેલવેપ્રધાન દિનેશ ત્રિવેદીએ રજૂ કર્યો હતો.

અત્યારે આદિપુરથી મુંદ્રા અને મુંદ્રાથી નવીનાળ સુધી અદાણી પોર્ટ રેલવેલાઈન નાખી છે, જ્યાં માલગાડી ચાલે છે, જે જૂન ૧૨ સુધી ડબલ લાઈન થઈ જવાની છે. ભવિષ્યમાં ભારતીય રેલવે પેસેન્જર ટ્રેન ચલાવી શકશે. હવે નવીનાળથી બિદડા થઈને મસ્કા સુધી ટ્રેક નાખવામાં આવે તો વધુ વિસ્તારનો સમાવેશ કરી શકાય. આ જ લાઈનને આગળ જતાં નલિયા સુધી લંબાવી શકાય. આસિસ્ટંટ જનરલ મેનેજર ગાંધીધામ, જોધપુર એકસ્પ્રેસને અમૃતસર સુધી લંબાવવાનો સ્વીકાર કર્યો હતો.

જનરલ મેનેજરે માહિતી આપી હતી કે સામખિયાળી વિરમગામ ડબલ લાઈન પ્રોજેક્ટ મંજૂર થયો છે. તેનું નિર્માણકાર્ય બે-અઢી વર્ષમાં પુરું થઈ જશે.

## જ્ઞાતિના યુવા અધિવક્તા (એડવોકેટ)

શ્રી જિજ્ઞેશ નવીનચંદ્ર મોતા (લાખાણીયા-હૈદ્રાબાદ) એલ.એલ.એમ. (કાર્પોરેટ એન્ડ સેક્યુરિટી) ઉત્તીર્ણ થયા છે. હાલમાં જિજ્ઞેશભાઈ ક્રિમિનલ (ફોજદારી) કેસોની



વકીલાત કરે છે. એ સાથે ગૌરક્ષા પ્રાણી સેવા માટે સક્રિય છે. ૧૮ વર્ષથી ઓનરરી એનિમલ વેલ્ફેર આફિસર તરીકે મીનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ વિભાગ દ્વારા નિયુક્ત છે. સ્થાનિકે પાક્ષિક પત્રિકાઓમાં કાયદાકીય વિષયે લખે છે. આંધ્રપ્રદેશ બાર કાઉન્સીલના સભ્ય એ.પી.હાઈકોર્ટ એડવોકેટ એસો.ના સભ્ય મેટ્રો કોર્ટ બારએસો.નાં કારોબારી સભ્ય, મેટ્રો સ્પેશલ કોર્ટના ઉપપ્રમુખ, હૈદ્રાબાદ શહેર ઈસ્ટ ઝોનના પોલીસમૈત્રી વોલન્ટીયર છે. તથા અન્ય ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.


**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

શ્રી જિજ્ઞેશભાઈને વર્ષ ૨૦૦૨માં મહારાણા પ્રતાપ એવોર્ડ, વર્ષ ૨૦૦૩માં ગોલ્ડ સ્ટાર પ્રતિભા એવોર્ડ, વર્ષ ૨૦૦૭માં આચાર્ય ચાણક્ય સદ્‌ભાવના એવોર્ડ, વર્ષ ૨૦૦૮ માં મધર ટેરેસા મેમોરિયલ એવોર્ડથી નવાજવામાં આવેલ. છેલ્લા ૩ વર્ષથી દક્ષિણ ભારતની અગ્રણી સમાચાર-પત્રિકા "ડેલી હિન્દી મિલાપ"માં તેના કાનુની સલાહકાર તરીકે કામ કરી રહ્યા છે. છેલ્લા ૬ વર્ષોથી આંધ્રપ્રદેશની અગ્રણી બેંક અગ્રસેન કો.બેંકના પણ કાનુની સલાહકાર તરીકે સેવા આપે છે.

શ્રી જિજ્ઞેશભાઈ B.Com., Bachelor of Fine Arts (Photo & Visual Communication) B.F.A., LL.B., M.A. (Mass Communication & journalism), Post Graduation Diploma in Intellactual Property Rights (P.G.D.I.P.R.), LL.M. (Corporate & Securities) Lawની ડિગ્રીઓ ધરાવે છે. હાર્દિક અભિનંદન.

## કચ્છી જૈન મહિલા મંડળ-કલકત્તા

તા.૨-૯-૧૨ના જસ્મીન નિતીન સાવલાના નવા નિવાસસ્થાને જાપ રાખવામાં આવેલ. તેમને સાધર્મિક ભક્તિ કરાવી મંડળને ૨૫૧ રૂા. ભેટ આપ્યા. તા.૨૨-૧-૧૨ના જયશ્રીબેન વિરેન ધુલ્લા ૯૯ યાત્રા કરીને આવ્યા તે નિમિત્તે સિધ્ધચક્રપૂજન કર્યું તેમજ બધાને સાધર્મિક ભક્તિ કરાવી તેમણે મંડળને રૂા.૨૫૧ ભેટ આપેલ. મુંબઈથી પધારેલ મુક્તાબેને મંડળને રૂા.૨૧૦૦ ભેટ આપેલ. તા.૩૧-૧-૧૨ના રતનબેન હરખચંદના ઘરે જાપ રાખવામાં આવેલ. તા.૨૯-૧-૧૨ના કચ્છી સંઘ તરફથી પીકનીકે સવારના ૭.૩૦ વાગે ૩ બસો દ્વારા રવાના થઈ ૯ વાગે પિકનીક સ્થળે પહોંચી ત્યાં બધાએ ચા નાસ્તો કરી ગેમ્સ રમવા માટે તૈયાર થઈ ગયા.

લગ્નની થીમ ઉપર ચાર ગ્રુપ બનાવેલ બારાત, ડોલી, મંડપ, મંગળસૂત્ર, સગાઈથી કરી વિદાય સુધીનો કાર્યક્રમ એમાં રાખવામાં આવેલ. બધાને ખૂબ મજા આવી.

અન્ય ગેમ્સ રમાડેલ ડીમ્પલ લાલકા દક્ષી લુઠિયા, મનીષા સંજય, મૈત્રી વીરા, નિરાલી શાહે ખૂબ મહેનત કરેલ.

ત્યારબાદ હાઉસી રમાડેલ. લકી ડ્રો રાખવામાં આવેલ. સાંજના ઇટલી-વડાનો નાસ્તો કરી પાછા બસમાં રવાના થયા. તા.૪-૨-૧૨ના કચ્છી ભુવનમાં વટાણા વાનગીની હરિફાઈ રાખવામાં આવેલ. પ્રથમ ગીતા શાહ, બીજા રીટા સાવલા ત્રીજા કિર્તી માલાની અને કૃતિકા બુરીચા આવ્યા. દહી, કચોરી, ચા-કોફી ભારતીબેન લાલકા તરફથી રાખવામાં આવેલ. તા.૨૩-૨-૧૨ના ભારતી લાલકા તરફથી કીટીપાર્ટી હિન્દુસ્તાન ક્લબમાં રાખવામાં આવેલ. બે ગેમ્સ અને હાઉસી રમાડેલ. ગેમ્સમાં કઠોળ કામ તેમાં ૧) મંજરી વીરા, ૨) મીતાબેન લાલકા, ૩) લીલાવંતી મારુ આવ્યા. પત્તાની ગેમ્સમાં પિક્ચર નામ શોધવામાં ૧) મીનાબેન ૨) ઉષાબેન અને ૩) ગીતાબેન વિજયી થયા.

## સાંયરામાં જિનાલય વર્ષગાંઠ ઉજવણી

સાંયરામાં ૧૩૪મી વરસગાંઠ ધામધુમપુર્વક ઉજવાયેલ. ૨૩-૨ના બપોરે સ્વામીવાત્સલ્ય જમણ અને સાંજે ચૌવીહાર મહાજન તરફથી થયેલ. રાતે ભાવના ભણાવામાં આવેલ. તા.૨૪-૨-૧૨ના પૂ.મુનીરાજ કંચનસાગરજી મ.સા. પધારેલ. સંઘે વાજતે ગાજતે સામૈયું કરેલ. પૂજ્યશ્રીએ વ્યાખ્યાન આપેલ. તા.૨૪-૨-૧૨ના શાંતિલાલભાઈના જન્મદિવસે નવકારશી માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા તરફથી હતી. બપોરે સ્વામીવાત્સલ્યના દાતા સૌ. ફાલ્ગુની ધીરેન છેડા (નલીયા) તરફથી, બપોરે જમણમાં જૈન જૈનતેરે ૧૧૧ જણાં હતા. રૂા.૫૦૦૧ આપીને ૨૪-૨-૧૨ના ૧૩૪મી વરસગાંઠની ધ્વજાનો લાભ માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા શાંતિલાલભાઈએ લીધેલ. આરતીનો લાભ ૫૦૦૧ મણમાં તેમણે લીધો. મંગળદીવો ૧૦૦૧ મણમાં લતાબેન ઉપેન્દ્ર શાહ (નલીયા-ભાવનગર) હ. કાંતિલાલ ટોકરશી સોની (ડોંબિવલી), મૂળનાયક પ્રભુની આરતી ૪૦૦૧મણમાં લધાભાઈ દેવરાજ પટેલ હસ્તે દામન પટેલ (ગાંધીધામ), દીવો ૨૧૩૪ મણમાં વિજય ધરમશી બિપીન મોમાયા તથા રતીલાલ ધ્રોળે લાભ લીધેલ. શાંતી કળશ ૨૫૦૧ મણમાં માતુશ્રી ખેતબાઈ મેઘજી મોમાયા હસ્તે મહેન્દ્ર પટેલે લાભ લીધેલ. કુતરાને રોટલા પક્ષીઓને ચણ આપેલ જેનો શ્રી ભચીબાઈ પદમશી લોડાયા હ. શાંતિલાલએ લાભ લીધેલ. ગાયોને ચારો નાખવાનો લાભ શાંતિલાલભાઈ તથા માતુશ્રી ચંદનબાઈ વિશનજી પટેલ હ. હીરાચંદભાઈએ લાભ લીધેલ.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

ધ્વજારોહણની વિધિ પૂ.મુનીરાજશ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં તથા સંગીતકાર પાર્ટી કિશોરભાઈ (બીદડા)ના સથવારે રાગરાગીણીથી પુજા ભણાવેલ. રૂા.૧૦ સાંયરા સંઘ તરફથી અને ૫ શ્રી કુંવરજી જીવરાજ લોડાયા (કોઠારા-પાંચોરા) તરફથી થયેલ. મુંબઈ દેશાવર જલાગામ, પાંચોરા, ગાંધીધામ, વારાપધર તથા અમેરિકાથી ૫૦ જણાં આવેલ.

## શ્રીમતી જલ્પા વિજ્ય વિક્મશી

દમણ : તાજેતરમાં અત્રેના કાનુનીસેવા મંડળ દ્વારા બીજી મોબાઈલ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું



હતું જેમાં મોબાઈલ વેન દ્વારા લોકોને ઘરે બેઠા ન્યાય મેળવવામાં સફળતા મળી હતી. જેમાં સિવિલ ન્યાયાધીશ શ્રી સાવંત વાઘુળે, એડવોકેટ ઠાકુરભાઈ અને શ્રીમતી જલ્પા વિકમશી પેનલ પર હતા, જેમાં આવેલા ૩૦ કેસો પૈકી ૧૭ કેસોમાં પક્ષકારો વચ્ચે સમાધાન કરાવી કેસોનો નિકાલ લાવવામાં આવ્યો હતો.

## મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-નાગપૂર

નાગપૂર મંચની સભા તા.૧૮-૨-૧૨નાં પ્રગતિ મયંક ખોનાનાં ઘરે પુનમ પ્રફુલ મોમાયાની અધ્યક્ષતામાં મળેલ. નવકારપઠન બાદ તા.૮ માર્ચના મહિલા દિવસ નિમિતે કન્યાઓ માટે ૩૦ જોડી સલવાર સુટ લેવામાં આવ્યા. જે કન્યાઆશ્રમમાં ભેટ અપાયેલ. આ ભેટના સ્પોન્સરર અંજનાબેન પટેલ, મીના મુકેશ મૈશેરી, પ્રગતિ ખોના તથા સુમતિ હરીશ લોડાયા હતા.

ત્યારબાદ ફુલ બનાવવાની ગેમ રમાડવામાં આવી હતી તેમાં પ્રથમ મીના મૈશેરી તથા દ્વિતિય કાજલ પોલડિયા આવ્યા. ઈનામ પ્રગતિબેન તરફથી અંજનાબેનના હસ્તે અપાયા.

આભારવિધિ કાજલ પોલડિયાએ કરી. આઠમની ભાવના ૨૯ ફેબ્રુઆરીના શ્રી વર્ધમાનભાઈ પટેલના ઘરે યોજાઈ. અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા. આગામી બેઠક જયશ્રી સુરેન્દ્ર પટેલના ઘરે ૩૦ માર્ચના રહેશે.

ગુજરાતી સમાજ-નાગપૂર યોજીત આનંદમેળામાં મહિલામંચે સ્ટૉલ રાખેલ સરપ્રાઇઝ બૉઉલની ગેમના સ્ટોલની બધાને મજા આવી. સ્ટૉલનો ખર્ચ કાઢીને મહિલામંચને નફો થયેલ. આ આનંદમેળો ૧૯-૨-૧૨ના ગુજરાત ભવનમાં હતો. કચ્છી સમાજના ઘણાં લોકો મુલાકાતે આવેલ. મેળામાં પુનમ મોમાયા, પ્રગતિ ખોના, કાજલ પોલડિયા, ફ્રેનલ લોડાયા, મોહીની મૈશેરી, મીના લોડાયા તથા અંજનાબેન પટેલ સૌએ સુંદર સેવા બજાવી સહભાગી થયા હતા.

## તીરૂપુર

અત્રે ૭૦ બાળકો દર રવિવારે પાઠશાળામાં આવે છે. પાઠશાળામાં શિક્ષીકા તરીકે ચાર-પાંચ બહેનો માનદ સેવા આપે છે. બાળકોને પ્રભાવના અપાય છે.

તા.૧૨-૨-૧૨નાં પાઠશાળાનાં બાળકોને એક બસ ધ્વારા કોચીન દર્શનાર્થે લઈ ગયેલા સવારના ૪ વાગે નીકળી ૧૧.૩૦ કોચીન પહોંચ્યા. ત્યાં બપોરે બાર વાગે કબૂતરોને ચણ આપવા શ્રી પ્રફૂલભાઈ આવે છે. કબૂતરો ને સાદ પાડે હાલો... એટલે કબૂતરો આવે અને દેરાસરને ત્રણ પ્રદક્ષિણા આપી બેસી જાય પછી માંગલીક સંભળાવે માંગલીક પૂરો થયા પછી ચણ આપે ત્યારે ચણવા લાગે તે દ્રશ્ય જોઈ ભાવુક થઈ જવાય. પછી દર્શન-પૂજા કરી બપોરે અમને જીજ્ઞા-પ્રીતા મોતાએ સુંદર ભોજનની વ્યવસ્થા કરી આપેલ. ભોજન બાદ છોકરાઓને પેલેશ જોવા લઈ ગયા. ત્યાં બાજુમાં શ્રી મુકેશ માણેકજી લોડાયાના ઘરે ચા-નાસ્તાની વ્યવસ્થા કરેલ જલેબી ગાઠીયાનો નાસ્તો કરી બોટીંગ કરી. સૌ બસમાં પોતપોતાનું સ્થાનગ્રહણ કરી તીરૂપુર જવા રવાનાં થયા.

સવારનાં બસમાં નાસ્તાની વ્યવસ્થા શ્રી ધનરાજજી નાણેશા, બપોરનું જમણ શ્રી અશોકજી ભંડારી તરફથી અને સાંજના બસમાં ચઉવિહાર શ્રી કાર્તિક સોલંકી તરફથી હતું બધા છોકરાઓ સવારથી સાંજ સુધી જૈન ગેમો પેપરો વગેરે રમી આનંદિત થયા. વિજેતાઓને ઇનામ અપાયેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન (નલીયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ

સંસ્થાના ઉપક્રમે સર્વોદય ટ્રસ્ટ (બોજાયા-કચ્છ) અને રોટરી ક્લબ તોરલ-ભુજના સહકારથી ૧૧મો નિશુઃલ્ક નિદાનકેમ્પ શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિભવન, નલીયામાં યોજાયું. પુ.શ્રી વિજયશાંતિસુરીશ્વરજી મ.સા.નાં ભક્તજનો અને સાથી દાતાોનો આર્થિક સહયોગ મળેલ.


**OWNERSHIP FLAT FOR SALE**

1 BHK, 2nd Floor, Wing-A,
Anantnathji Complex, Kanjurmarg (E),
Mumbai - 400 042.
**Contact : M. 09819936251**


**આંતરજ્ઞાતિય લગ્ન છુટા**

૨૧-૨-૧૨

| | | |
|---|---|---|
| A | દુર્ગ | શિલ્પેશ કુલચંદ છેડા-બિદડા ૩૧ |
| JKSL040805 | ધમતરી | ખુશ્બુ ભુપેન્દ્ર શિયાડ-જખૌ ૨૮ |

આ કેમ્પ માટે દર્દીઓનાં આંખનાં મોતીયાના ઓપરેશન અને લેન્સ નખાવવા જે પણ ખર્ચ થશે તે અનુદાનની સંપુર્ણ રકમ શ્રીમતી સ્મિતાબેન હેમંત મહેતા (તેલઅવીવ) તરફથી મળેલ છે. દર્દીઓને આંખના નંબર કાઢીને જે ચશ્મા આપવામાં આવશે તેના ખર્ચ અનુદાનની સંપુર્ણ રકમ માતુશ્રી રમીલાબેન મણીલાલ ભઠારા પરિવાર (ઘાટકોપર) તરફથી મળેલ છે.

શ્રી શામજી ભવાનજી ઝવેરી (અમદાવાદ)એ પરમ પુ. ગુરૂદેવશ્રી વિજયશાંતિસુરીશ્વરજી મ.સા.ની છબી આગળ દિપ પ્રગટાવીને આ કેમ્પ ખુલ્લો મુક્યો હતો.

કેમ્પમાં કચ્છનાં નામાંકિત અને નિષ્ણાંત ડોક્ટરોએ સેવા આપેલ.

કેમ્પ દરમ્યાન આંખના ૨૭૫, સ્ત્રી રોગના ૮૧, જનરલ રોગના ૨૧૧, દાંતના ૮૩ અને કેન્સર રોગના ૮ એમ કુલ્લે મળીને ૭૩૦ દર્દીઓએ લાભ લીધો હતો. ચશ્મા નંબર કઢાવવા માટે ૮૮ નામો નોંધાયેલ. જેઓનાં આંખના નંબર કાઢીને તેઓને નિ:શુલ્ક ચશ્મા અપાશે. આંખના મોતિયાનાં ઓપરેશન માટે ૪૪ દર્દીઓ, સ્ત્રીરોગમાં ગર્ભાશયના ઓપરેશન માટે ૨ દર્દીઓ અને જનરલ રોગમાં કેન્સર, સારણગાંઠ, કીડની સ્ટોન, હાડકાનાં વગેરે ઓપરેશન માટે ૧૨ દર્દીઓના નામ આવેલ છે. આ બધા દર્દીઓના વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. ઓપરેશન માટે ટ્રસ્ટ દ્વારા શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ, સાથે સંકલન કરવામાં આવેલ છે. કેમ્પ દરમ્યાન ડોક્ટરોના સલાહ સુચન મુજબ દર્દીઓને પુરા કોર્સની દવાઓ વિનામુલ્યે આપવામાં આવેલ.

કેમ્પ માટે હંમેશ મુજબ સ્થાનિકે જ્ઞાતિભાઈઓ તથા અન્ય કાર્યકરોએ સારી એવી સેવા આપી હતી. કેમ્પ માટે ખાસ મુંબઈથી પધારેલ ચાલીસ જેટલા મહાનુભાવો ખાસ કરીને માતુશ્રી વિમલાબેન ખોના, શ્રી ગીરીશ શાહ, શ્રી રોનક નાગડાએ જહેમત લઈ સફળ બનાવેલ.

મુંબઈથી પધારેલ કાર્યકરોમાં શ્રી અનિલભાઈ ખોના, શ્રીમતી વર્ષા નાગડા, શ્રીમતી નયના મહેતા, શ્રીમતી વીણા નાગડા, કોકીલાબેન ખોના વગેરેએ દર્દીઓને દવાનું વિતરણ કરેલ હતું.

કેમ્પ દરમ્યાન કચ્છના અગ્રણીઓએ મુલાકાત લીધેલ. જેમાં ભોજાય સર્વોદય ટ્રસ્ટનાં સર્વ શ્રી લીલાધરભાઈ ગડા અને શ્રી હીરજીભાઈ ગડા, નલીયાના સરપંચ શ્રી સતીશભાઈ ઠક્કર આદિએ મુલાકાત લીધી હતી. કેમ્પની સફળતા માટે આ ટ્રસ્ટના શ્રી વિજય વર્ધમાન ખોના તથા અન્ય ટ્રસ્ટીઓએ આયોજન અને વ્યવસ્થા જાળવવા પહેલા જ નલીયા આવી ગયેલ. આ નિ:શુલ્ક નિદાન કેમ્પ સફળતાપુર્વક પાર પડેલ.

### પૂ.આ.કલાપ્રભસાગરસુરીજી મુંબઈમાં

યુવાચાર્ય સાહિત્યદિવાકર પૂ.સા.કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.મુંબઈ વેસ્ટર્ન અને સેન્ટ્રલના વિવિધ પરાંઓમાં દાદાગૂરૂદેવ પૂ.આ. આર્યરક્ષિતસુરીજીની નવમ શતાબ્દિ અને પૂ.આ. ગુણસાગરસુરીજીની જન્મ શતાબ્દિ વર્ષ ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોની પ્રેરણાં આપી રહ્યા છે. ઠેર ઠેર વિવિધ સંઘોમાં પૂજ્યશ્રીના ભવ્ય સામૈયા થઈ રહ્યા છે. સંઘોમાં શાસનપ્રભાવના અને ધર્મ આરાધનાની જાગૃતિ કેળવાઈ રહી છે.

પૂજ્યશ્રીની પ્રેરણાથી ૧૦૦૮ વરસીતપ અભિયાન સફળતાથી પ્રતિસાદ મેળવી રહ્યું છે. તા.૧૫ માર્ચના તેનું વ્રતઉચ્ચારણ છે.

### ઘાટકોપરમાં કીડની ડે નિમિતે કાર્યક્રમ

ઘાટકોપર કચ્છી જૈન શ્વે.મુ.પુ. સંઘ અને પરખ હોસ્પીટલના સંયુક્ત ઉપક્રમે વર્લ્ડ કિડની ડે નિમિતે રવિ. તા.૧૧-૩-૧૨ના ઝવેરબેન સભાગૃહમાં સવારે કિડનીરોગ વિષેની સમજ-સારવાર સુચન અને સંભાળ માટે વિસ્તારથી માર્ગદર્શન અને પ્રશ્નોતરીનો કાર્યક્રમ ગોઠવાયેલ. કિડની ટેસ્ટ પરખ હોસ્પીટલમાં માત્ર રૂા.૨૦૦ના દરે તા.૧૨-૩ થી ૧૮-૩ દરમ્યાન કરી આપવામાં આવશે. સંપર્ક 67827000/8898471010

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ-વડોદરા

તા.૨-૨-૧૨ના પૂઆ.શ્રીમદ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય વર્ધમાન તપની ઓળીના આરાધક તપસ્વીરત્ન પૂ.મુનિશ્રી મોક્ષતિલકવિજયજી મ.સા.તથા સુથરીરત્ન પૂ.મુનિશ્રીભવ્યયશવિજયજી મ.સા. સવારના ૯ કલાકે શ્રી ક.દ.ઓ.ભવનમાં પધારેલ. સવારના ૯.૧૫ કલાકે વ્યાખ્યાન રાખવામાં આવેલ. દરેક જણાંએ વંદન-દર્શન-વાણીનો લાભ લીધેલ.


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

સવારના નવકારશી શ્રીમતી ચંદનબેન નવીનચંદ્ર ધરમશી તરફથી હ. ઉમરશી રામૈયા ધરમશી પરિવાર દ્વારા રાખવામાં આવેલ. વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ.

### ગુજરાતી સમાજ-નાગપુર યોજીત

આનંદમેળામાં મહિલા મંચે સ્ટૉલ રાખેલ. સરપ્રાઈઝ બૉઉલની ગેમના સ્ટોલની બધાને મજા આવી. સ્ટૉલનો ખર્ચ કાઢીને મહિલામંચને નફો થયેલ. આ આનંદમેળો ૧૯-૨-૧૨ના ગુજરાતભવનમાં હતો. કચ્છી સમાજના ઘણં લોકો મુલાકાતે આવેલ. મેળામાં પુનમ મોમાયા, પ્રગતિ ખોના, કાજલ પોલડિયા, ફ્રેનલ લોડાયા, મોહીની મૈશેરી, મીના લોડાયા તથા અંજનાબેન પટેલ સૌએ સુંદર સેવા બજાવી સહભાગી થયા હતા.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મહિલા વિભાગ

મસાલા-અથાણાની સીઝનમાં મંડળના મહિલા વિભાગે શુધ્ધ સાત્વિક મસાલાનું વેંચાણ રાખેલ છે. જેમાં સારી ક્વોલીટી અને વ્યાજબી ભાવે મસાલા, સુવા, વરીયાળી, ધાણાદાળ વગેરેનું વિતરણ કરાશે. આ વિતરણ તા.૧૬-૩ થી ૨૧-૩ દરમ્યાન બપોરે ૩ થી ૬માં સ્થળ પ્રતાપ સર્વીસીઝ ગોડાઉન, પ્રેમનગર, મીઠાકુંજ, પદમભુવનની સામે, નહેરૂ રોડ, મુલુન્ડ (વે) થી લાભ લઈ શકાશે. સંપર્ક રેણુકાબેન-૯૮૨૧૨૧૧૦૦૨, કવિતાબેન-૯૮૩૨૧૧૪૧૧૩૯

### ગૌમાંસ નિકાસ પ્રતિબંધ ઉઠાવી લેવાના પ્રયાસનો વિરોધ

સરકાર દ્વારા ગૌમાંસ વિકાસનો ૬૩ વર્ષ જુનો પ્રતિબંધ ઉઠાવી લેવા ભલામણ અને પ્રયાસ થઈ રહ્યા છે. ભારતના કૃષિ અને પશુપાલન ક્ષેત્રપર આ મરણતોલ ફટકો બનશે. આ બાબતમાં દરેક ભારતીય જોરદાર ઝુંબેશ રૂપે વિરોધ નોંધાવે એ લડત જરૂરી છે. સંસદમાં આ પ્રક્રિયા આવે તે પહેલાં દરેકે, વધુમાં વધુ સંખ્યામાં વિરોધપત્રો-ઈમેઈલ; મેસેજ આદિ મોકલીને સખત વિરોધ નોંધાવે એવી અપીલ છે. સંદેશ મોકલવાનું સ્થળ : મોન્ટેકસિંહ આહલુવાલીયા, ઉપાધ્યક્ષ આયોજન પંચ, યોજના ભવન, સંસદમાર્ગ, નવીદિલ્હી-૧૧૦૦૦૧ ઈમેઈલ plancom@noc.in અને શરદ પવાર કૃષિપ્રધાન, ૧૨૦ કૃષિભાવન, નવી દિલ્હી-૧૧૦૦૧૧.Email sharadpawar.sp@gmail.com આ પત્રવ્યવહારની એક નકલ ચળવળ ચલાવતા વિનિયોગ પરિવાર ટ્રસ્ટને મોકલવી.

### કચ્છ માટે સ્પે. ટ્રેન

ઉનાળા વેકેશન માટે કચ્છ જવા ૦૯૪૫૧ સ્પે. ટ્રેન તા.૫-૪ થી ૨૮-૬ દરમ્યાન દર ગુરૂવારે રાત્રે ૨૩.૫૫ બાંદરાથી ઉપડશે જે બીજે દિવસે ૧૫.૩૦ ગાંધીધામ પહોંચશે. અને ૦૯૪૫૨ દર ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે ગાંધીધામથી ઉપડી બીજા દિવસે ૨૨.૩૫ કલાકે બાંદરા પહોંચશે.

### જામનગરમાં રિલાયન્સ અને રશીયન કંપની દ્વારા એક લાખ ટનની ક્ષમતાનો રબ્બ પ્લાન્ટ સ્થપાશે

પૂર્વી યુરોપની સૌથી મોટી પેટ્રોરસાયણ કંપની રશિયાની સિબુર તથા ભારતની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે જામનગરમાં વાર્ષિક એક લાખ ટનની ઉત્પાદન ક્ષમતાનો બ્યુટિલ રબ્બર પ્લાન્ટ સ્થાપિત કરવા એક સંયુક્ત સાહસ રચાયું. રિલાયન્સ-સિબુર ઈલાસ્ટોમર્સ પ્રાઈવેટ લિમિટેડ નામના આ સંયુક્ત સાહસ હેઠળ ભારતનો સૌથી પહેલો બ્યુટિલ રબ્બર પ્લાન્ટ જામનગરમાં ઉભો કરાશે.

આ સંયુક્ત સાહસ કંપનીમાં રિલાયન્સના ૭૪.૯ ટકા તથા સિબુરના ૨૫.૧ ટકાની ભાગીદારી રહેશે.

બ્યુટિલ રબ્બર મુખ્યત્વે ટાયર ઉદ્યોગમાં વપરાય છે. વર્ષ ૨૦૧૪ સુધીમાં આ પ્લાન્ટ કાર્યરત થઈ જવાની આશા રખાય છે.

### *અગત્યની સુચના*

*સર્વેને જણાવવાનું કે, માર્ચ મહિનો (Account year ending) ચાલે છે. પ્ર.સ.ની જાહેરાતોનાં કોઈ બીલ બાકી હોય તો વેળાસર પુછપરછ કરી ચુકવી દેવા અપીલ છે. સમયસર હિસાબો ચુકવણીથી બન્ને પક્ષે હિસાબો પુરા કરવાની સરળતા થાય છે. જે કોઈનાં બીલ પેમેન્ટ બાકી હોય તે ત્વરીત મોકલી આપવા વિનંતી છે.*

*આપના લોકપ્રિય મુખપત્ર પ્ર.સ. સાપ્તાહિક (જ્ઞાતિ પ્રવહનું માધ્યમ)નું વાર્ષિક લવાજમ રૂા.૫૦/- તા.૩૧-૩-૧૧નાં પુરું થાય છે.*

*દર સપ્તાહે નિયમિતપણે જ્ઞાતિ સમાચારો, માહિતીલેખ અને ઉપયોગી માહિતી મેળવવા પ્ર.સ.નું નવા વર્ષ ૨૦૧૨-૧૩નું રૂા.૫૦/- વાર્ષિક લવાજમ આપના નજીકના માનદ પ્રતિનિધિઓ પાસે અથવા કાર્યાલયે ભરી દેવા અપીલ છે.*

*સક્રિય જાગૃતિ કેળવી જ્ઞાતિસેવાના ઉપક્રમમાં આપણાં સૌનો સહકાર મળી રહેશે અને શતપ્રતિશત જ્ઞાતિપરિવારો ફરજ સમજીને એમાં જોડાય એવી ભાવના. પ્ર.સ.ના વાર્ષિક હિસાબો નિયમિતપણે તૈયાર કરી ઓડીટ કરાય છે અને જાળવાય છે.*

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **તેજકુમાર દેવશી ખોના** | BS-4, શાંતિનગર, ભીકમચંદ નગર પાસે, જલગામ-૪૨૫૦૦૧ |
| **યોગેશ સોમચંદ ફુરૂવા** | D-505, ક્રીષ્મા એપા., પ્લોટ ૧૦, સેક્ટર ૩૬, કમોથે, નવી મુંબઈ. ફોન 9028174702/9225306972 |
| **ખીરીશ ધરમશી** | એ-૨૨, પાર્લે નીમેશ, સંત જનાબાઈ માર્ગ, વીલેપાર્લે (ઈ), મુંબઈ-૪૦૦૦૫૭. મો.૮૨૯૧૧૩૦૯૨૯ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| પુષ્પાબાઈ રતીલાલ મોમાયા-ડોંબિવલી | ૯૯૩૦૨૩૬૪૪૪૮ | લલિત રતીલાલ મોમાયા-ડોંબિવલી | ૯૧૬૭૫૫૮૭૬૬ |
| જવેરીબેન કુંવરજી મોતા-ઘાટકોપર | ૯૯૨૦૫૫૦૪૩૧ | ગૌરવ પ્રતાપ દંડ-ડોંબિવલી | ૯૮૭૦૦૯૬૧૬૭ |
| દિપાલી ગૌરવ દંડ-ડોંબિવલી | ૯૭૭૩૬૧૯૪૮૦ | | |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૧૧-૧૧ | જાલના | NLDH010203 | ફાનીશ-આશિષ દિનેશ ધરમશી | નલીયા | પુત્ર |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯-૧-૧૨ | સાયન | NLKN060705 | જીગર હરેશ હીરજી ખોના | નલિયા | ૨૭ |
| | ડોંબિવલી | MJLO040303 | પુનમ પ્રતાપ ધનજી લોડાયા | મંજલરેલડીયા | ૨૬ |
| ૧૭-૨-૧૨ | બારશી | PRDD050103 | નિતીન વર્ધમાન શીવજી દંડ | પરજાઉ | ૩૨ |
| | ગદગ | NLNG050504 | ભાવના દિનેશ જીવરાજ નાગડા | નલીયા | ૩૦ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૨-૧૨ | બેંગલોર | SDLO020203 | નિરવ ભરત પદમશી લોડાયા | સાંધવ | ૩૪ |
| | નાગપુર | A | તન્વી લાલભાઈ ગીડવાની | નાગપૂર | ૩૨ |
| ૨૫-૨-૧૨ | હુબલી | SNMO040302 | જિતેન શાંતિલાલ જીવરાજ મોમાયા | મોટીસિંધોડી | ૨૯ |
| | હૈદરાબાદ | A | પ્રિયા સત્યનારાયણ શાહ | હૈદરાબાદ | ૨૩ |

### સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૨-૧૨ | ડોંબિવલી | RPNG0101304 | રાજીવ સોમચંદ વિશનજી નાગડા | રાપર | ૨૮ |
| | હુબલી | RPLO0101704 | ખુશ્બુ ચંદ્રકાંત જીવરાજ લોડાયા | રાપર | ૨૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩-૩-૧૨ | ડોંબિવલી | BHDU050402 | નિલમબેન ભોજરાજ દામજી ધુલ્લા | ભરૂડીયા | ૫૩ |
| ૫-૩-૧૨ | ઘાટકોપર | SUDH150203 | રૂપમ જયંત વેલજી ધરમશી | સુથરી | ૨૮ |
| ૪-૩-૧૨ | પુના | SULI010702 | હર્ષા (હંસા) રૂપેશ હીરજી લાપસીયા | સુથરી | ૫૨ |


**જીવનજ્યોત કેન્સર રીલિફ એન્ડ કેર ટ્રસ્ટ (રજી.)** સંચાલિત

**"માનસ ગ્રુપ" ડોંબિવલી (પૂર્વ)**

છેલ્લાં ૨૬ વર્ષથી કેન્સર જેવાં મહારોગનાં પીડિતો માટે ઝઝુમતી એવી પસ્તીથી પરમાર્થનું સહકાર્ય કરતી જીવન-જ્યોત સંસ્થાએ ડોંબિવલી પૂર્વમાં પોતાની બ્રાન્ચ "માનસ ગ્રુપ" સ્થાપિત કરેલ છે. ઘરેથી નીકળતી પસ્તી તેમજ જુનાં પહેરવાલાયક કપડાનું દાન કરીને આપણે પણ આ સહકાર્યમાં મદદરૂપ થઈ થકીએ છીએ. આટલી કાળઝાળ મોંઘવારીમાં નાનકડી સહાય કરી આ પરમાર્થના કાર્યમાં જોડાઈને પુણ્યવંત બનો.

સંપર્ક : **જીવન જ્યોત કેન્સર રિલીફ ટ્રસ્ટ (રજી.)**

સાઈ સદન, પ્રગતિ કોલેજની સામેની ગલીમાં, ડોંબિવલી (ઇ).

કાર્યકરો : **હરીશ સાયલા-9076452243, અશોક મામણીયા-9821816821, વિપુલ સાવલા-9323910415, સુધીર દેઢિયા-9833488177, ધૈર્ય લાલન-9821217906**


## કાવ્ય-પ્રકાશ : મજા આય

બસ હાણે પકેલે પન વારેજીય ખેરી વેનેમેં મજા આય,
ચારે બાજુ ફેલાયેલ અનંત બ્રહ્માંડમેં ભેરી વેનેમેં મજા આય.
રૂઈ ગેણોં, ખેલી ગેણોં, સ્વાદેં જો શોખ માણી ગેણોં,
એનજો એક્શન રીપ્લે કરેલા, ફેર વાર જન્મે મેં મજા આય,
સંબંધેજી સંઘરમેં કેતરા વરેં કેદ થેઈ રોણું?
હી સજા પૂરી થઈ સમજી હાણે છુટી વેનેમેં મજા આય
જંગ નેર્યો, રંગ નેર્યો ને માડુઓં જા રંગ નેર્યો,
હાણે કબર જો દ્વા કેડો? એનમેં વસી વેનેમેં મજા આય
કદાચ પાં કેંકે નડ્યા હુંધાશુ, ને ખૂટી ગરધી કંઈધા હુંધાશું,
ભળેં લ્યા શોખથી રેં, પાંકે ગામતરો કરેમેં મજા આય!

– *શાહ મધુકાંત વિશનજી*-ઘાટકોપર

# CONGRATULATIONS !!!



## ચિ. નિતેશ નાગડા

INDIA-2050 કેવું હશે? એ થીમનાં આધાર પર **ચિ. નીતેશ નાગડાએ** JAMBOREE EVENTમાં T-SHIRT માટે પોતાની આગવી ડિઝાઇન પ્રસ્તુત કરી BHASHAN COMPANYની પ્રતિષ્ઠિત સ્પર્ધામાં 1st Prize મેળવી ROYALTY મેળવી છે. માત્ર ૨૦ વર્ષની નાની ઉંમરે ચિ. નિતેશે ગૌરવપ્રદ ખ્યાતી મેળવી એ બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિશીલ ભાવિની શુભેચ્છા...

માતા : **વિણા નાગડા**નાં હૈયામાં આનંદની છોડ ઉછળે છે. હર્ષ-ઉલ્લાસ અને ગર્વથી મનડું મલકે છે. કેમ કરીને ચુપ રહીએ? "પુરૂષાર્થની પાંખ અને અનુભવની આંખ વડે નાનપણમાં જ જીવનમાં ઉચું લક્ષ્ય રાખી ભરી છે ઉચીં ઉડાન, સૂરજની ઝળહળાં અને હોઠો પર સંસ્કારની મધુર મુસ્કાન." કુળદીપ **નિતેશ**ને ઈશ્વર સદાય સુખી રાખે. તારો અવિચલ આત્મવિશ્વાસ બેજોડ છે. તારી બુધ્ધિ, ખંત અને પરિશ્રમથી મેળવી છે એવી સફળતા "સદા ઉજજવળ રહે તારૂં ભવિષ્ય, સફળતા સદેવ ચમકે તારા મસ્તકે, આજ અમ દિલના અરમાન." અને મસ્તક અમારૂ ગૌરવથી રહે ઉચું, જ્યારે લે કોઈ તારૂં નામ...

**-: BEST COMPLIMENTS FROM :-**

BROTHER : **BHAVIN NAGDA** (ARCHITECHTURE)

MOTHER : **VEENA NAGDA** (BOLLYWOOD MEHENDI QUEEN)

નાના-નાની : **માતુશ્રી જેતબાઈ ખીમજી મોમાયા પરિવાર (મોટીસિંધોડી)**

મા જેવી માસી : **તરલા (જયા) જેઠાભાઈ લોડાયા (સાંયરા)**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રી ક.દ.ઓ. જૈન સાર્થક યુવક મંડળ–ગાંધીધામ આયોજીત "સ્પોર્ટસ ડે"ની ઝલક


સ્પોર્ટસ ડેને ખુલ્લું મુકતા શ્રી અરવિંદ લોડાયા અને પ્રમુખ મિતેશભાઈ


ટોસ ઉછાળી મેચને સ્ટાર્ટ આપતાં શ્રી પદમશી લાલકા


ક્રિકેટ મેચ નિહાળતાં જ્ઞાતિજનો


મેચનો આનંદ લેતા શ્રી મિતેશ ધરમશી અને પદાધિકારીઓ


વિવિધ હરીફાઈઓમાં ભાગ લેતી જ્ઞાતિ બહેનો


વિવિધ હરીફાઈઓમાં ભાગ લેતા બાળકો


રનિંગ રેસમાં બહેનો


સંગીતખુરશી રમતી બહેનો


મંચપર અગ્રણીઓ, દાતાઓ અને અતિથીવિશેષો


વિજેતા ટીમના કપ્ટન હાર્દિક નાગડાને અભિનંદન આપતા શ્રી લહેરચંદ ખોના




**Professional Body Tattoo Course**

Admission is Open Now

Permanent Tattoo Course & Temporary Tattoo Course
2nd time in DOMBIVALI
From : 1st May to 30th May 2012 Duration : 3hrs Per Day
Full Practice, Notes & Certificate with Photo

Permanent Tattoo Machine Free

For Further Details Contact : 99678 26868, 98206 26643

Jai Hind Colony,
Ghanshyam Gupte Road,
Dombivali (W) - 421 202.

કિર્તીકુમાર કે. વિકમશી
(ગામ વારાપધર–ડોંબીવલી)

JITEN COSMETICS
THE COMPLETE BEAUTY PRODUCTS
jitencosmetics@gmail.com, jitenkshah2100@gmail.com


To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**